**આજનો સુવિચાર**

કોલસાને દૂધમાં નાખો તો પણ સફેદ થતાં નથી તેજ રીતે ઘણા માણસોનું ગમે તેટલું રાખો પણ કદર કરતા નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર


વર્ષ : ૪૭ અંક : ૧૭૭ જૂનાગઢ તા.૧૩-૭-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 177, Junagadh : Date : 13 July, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### યમુનાની ભયજનક સપાટીનું સ્તર ૨૦૫.૩૩ મીટર, વર્તમાન જળ સ્તર ૨૦૮.૫૩ મીટર : આગામી ત્રણ કલાક અત્યંત કટોકટીનાં

# યમુનાનું રૌદ્ર સ્વરૂપ : દિલ્હીમાં જળપ્રલય

### મુખ્યમંત્રી કેજરીવાલનાં ઘર સુધી પાણી પહોંચી ગયું : ખતરાનાં નિશાનથી ૩ મીટર ઉપર વહી રહેલી યમુના : દિલ્હીનાં હૃદયસમા ચાંદની ચોક સુધી પાણી પહોંચી જવાની આશંકા : સમગ્ર દિલ્હીવાસીઓનાં શ્વાસ અધ્ધર : ૧૬ હજાર લોકોનું સ્થળાંતર : કાશ્મીરી ગેટ, રાજઘાટ, સિવિલાઈન્સ, મયુર વિહાર જેવા પોશ વિસ્તારો પુરનાં પાણીમાં ગરકાવ



નવી દિલ્હી, તા.૧૩
રાજધાની નવી દિલ્હીમાં યમુનાનું જળસ્તર ઘણું વધી ગયું છે અને છેલ્લા પાંચ દાયકાના રેકોર્ડ તૂટી ગયા છે, જેના કારણે રાજધાનીના નીચાણવાળા વિસ્તારોમાં પાણીભરાવા લાગ્યા છે. સ્થિતિ એવી થઈ ગઈ છે કે હજારો પરિવારોને તેમના ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવું પડ્યું છે. દિલ્હીમાં આજે સવારે ૬ વાગ્યે યમુનાનું જળસ્તર ૨૦૮.૪૧ મીટરે પહોંચી ગયું છે, જે એક રેકોર્ડ છે. દિલ્હીમાં પૂરના પાણી હવે તમામ હદ વટાવીને શહેરના ઘણા વિસ્તારોમાં પહોંચી ગયા છે. કાશ્મીરી ગેટ, આઈટીઓ જેવા વિસ્તારો બાદ હવે સિવિલ લાઈન્સ સુધીપાણી પહોંચી ગયું છે. યમુનાનું જળસ્તર ૨૦૮.૪૬ મીટરે પહોંચતાં, પાણી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાનની ખૂબ નજીક આવી ગયું છે. મુખ્યમંત્રીનું સત્તાવાર નિવાસસ્થાન સિવિલ લાઈન્સ વિસ્તારમાં આવેલું છે, જ્યાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. સીએમ આવાસ ઉપરાંત સચિવાલયમાં પણ પાણી પહોંચી ગયું છે. બીજી તરફ સનલાઈટ કોલોની વિસ્તારમાં પૂરના પાણીમાં ડૂબી જવાથી એક વ્યક્તિનું મોત થયું છે.

હથિની કુંડ બેરેજમાંથી પાણી છોડવાના કારણે યમુના નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે. બુધવારે જ ૪૫ વર્ષનો રેકોર્ડ તોડીને યમુનાએ દિલ્હીમાં વિનાશના સંકેત આપ્યા હતા. ગુરુવારે સવાર સુધીમાં પાણી ૨૦૮.૪૬ મીટરે પહોંચ્યું હતું. આ સાથે દિલ્હીના ઘણા વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. પૂરના કારણે ઘણા રસ્તાઓ બંધ કરવા પડ્યા, યમુના કિનારે આવેલી વસાહતોમાં ઘણા ફૂટ પાણી આવી ગયું છે. હજારો લોકોએ જીવ બચાવવા માટે કેમ્પમાં ભાગવું પડ્યું હતું. મયુર વિહાર ફેઝ વન, વજીરાબાદ, ખજુરી, રાજઘાટ જેવા વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. ડઝનબંધ રસ્તાઓ બંધ કરવા પડ્યા છે.

દિલ્હીના જેતપુર વિસ્તારમાં પણ લોકોના ઘરોમાં પાણી પહોંચી ગયા છે. યમુના કિનારે આવેલા અન્ય વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.

દિલ્હીમાં રાજઘાટ તરફ જતો રસ્તો, આઉટર રિંગ રોડ, યમુના બજાર અને લોહા પુલ પાણીથી ભરેલા છે. દિલ્હી આઈટીઓ પાસેના આઈપી સ્ટેડિયમ પાસે અને રાજઘાટ તરફ જતા રસ્તા પર પણ પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. તેમાંથી, યમુના બજાર સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર છે, હવે તેજ પ્રવાહ સાથે કોલોનીમાં પાણી ભરાઈ રહ્યું છે. ગઈકાલ સુધી જે માર્ગ દ્વારા લોકો લોહા પુલ સુધી પહોંચી શકતા હતા તે માર્ગ આજે સંપૂર્ણ રીતે ડૂબી ગયો છે. આઉટર રિંગ રોડ પર યમુના કિનારે આવેલા તમામ ઘરો અને મંદિરોમાં પાણી ભરાઈ ગયા છે.

દિલ્હીના નીચાણવાળા વિસ્તારોમાં દિલ્હી પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રે કમર કસી લીધી છે. અહીં લોકોને સલામત સ્થળો, કેમ્પમાં જવા માટે અપીલ કરવામાં આવી રહી છે કારણ કે પાણી કેટલી ઝડપથી વધશે અને કેટલું વધશે તેનો કોઈને અંદાજ નથી.

## આજે બપોરે યમુનાનું જળસ્તર ૨૦૯ મીટરે પહોંચી જશે ત્યારે દિલ્હીનાં મોટાભાગનાં વિસ્તારો પાણીમાં ડુબી જશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩ : હરિયાણાના હથની કુંડ બેરાજમાંથી પાણી છોડવામાં આવ્યા બાદ યમુનાના જળસ્તરમાં સતત વધારો થયો છે. યમુના વજીરાબાદથી ઓખલા સુધી ૨૨ કિમીમાં વહે છે. સેન્ટ્રલ વોટર કમિશનનાં જણાવ્યા અનુસાર આજે બપોર સુધીમાં જ્યારે પાણીનું સ્તર ૨૦૯ મીટર સુધી પહોંચશે ત્યારે મોટાભાગના વિસ્તારો પાણીમાં ડૂબી જશે. NDRFની ૧૨ ટીમો અહીં તહેનાત કરવામાં આવી છે. ૨,૭૦૦ રાહત શિબિર લગાવવામાં આવ્યા છે.

## વડાપ્રધાન મોદી ફ્રાન્સની મુલાકાતે રવાના

નવી દિલ્હી તા. ૧૩
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ફ્રાન્સ તથા સંયુક્ત આરબ અમીરાતની ત્રણ દિવસની મુલાકાતે જવા રવાના થયા છે. વડાપ્રધાન મોદીએ એક ટવીટ કરીને પોતાની આ યાત્રા અંગે માહિતી આપી હતી. પેરીસમાં તેઓ ફ્રાન્સના રાષ્ટ્રીય દિવસ બૈસ્ટિલ ડે તરીકે ઓળખાય છે તેમાં મુખ્ય અતિથિ તરીકે સામેલ થશે. ભારત ફ્રાન્સના સહયોગના ૨૫ વર્ષની ઉજવણી થઈ રહી છે. મોદીની આ મુલાકાત દેશની સુરક્ષા સંબંધી કરાર માટે પણ મહત્વનું છે. ખાસ કરીને ભારતીય નૌકાદળ માટે રાફેલ-સી યુદ્ધ વિમાનનો સોદો થશે અને કુલ ૨૬ રાફેલ ખરીદવા કરાર થશે

## ઉત્તરપ્રદેશમાં બે ટ્રક વચ્ચે ભયાનક ટક્કર ૪ કાવડીયાનાં કરૂણ મોત

લખનૌ તા. ૧૩
ગત મોડી રાત્રે દિલ્હીના સિરસપુર જીટી રોડ પર બે ટ્રકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ઘણા લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. સિરસપુર જીટી રોડ પર બે ટ્રકોની ટક્કર થઈ ગઈ છે જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે ટ્રક નાંગલોઈ નજીકથી કાવડ યાત્રિઓને લઈને હરિદ્વાર જઈ રહી હતી ત્યારે દિલ્હી તરફ જઈ રહેલી ટ્રકે ડિવાઈડરને ઓળંગીને જીટી કરનાલ રોડ પર વિરુદ્ધ દિશામાં આવી રહેલી કાવડ યાત્રિઓને લઈ જઈ રહેલી ટ્રકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ૧૪ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ ડોક્ટરોએ આમાંથી ચાર લોકોને મૃત જાહેર કર્યા છે.

## મુંબઈ શેરબજારનો ઈન્ડેક્ષ ૬૬૦૦૦ને પાર

મુંબઈ તા. ૧૩
શેરબજાર આજે નવી ઓલ-ટાઈમ હાઈ પહોંચ્યું છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૬૬,૦૪૩ અને નિફ્ટી ૧૯,૫૬૬ના સ્તરને સ્પર્શ્યો હતો. હાલમાં સેન્સેક્સમાં ૬૦૦થી વધુ પોઈન્ટ અને નિફ્ટીમાં ૧૭૦ પોઈન્ટથી વધુનો વધારો જોવા મળી રહ્યો છે.

## ૨૮ ટકા જીએસટીને કારણે ઓનલાઈન ગેમિંગની ૪૦ કંપનીઓને ૧૦ હજાર કરોડનો ફટકો પડશે

નવી દિલ્હી, તા.૧૩:
જીએસટી કાઉન્સીલમાં ગેમિંગ ઈન્ડસ્ટ્રી પર ૨૮ ટકા જીએસટી લાદ્યા બાદ દેશની ૪૦ ઓનલાઈન ગેમિંગ કંપનીઓને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનો ફટકો પડી શકે છે. આ બાબતની જાણકારી ધરાવતા એક અધિકારીએ જણાવ્યું છે કે જીએસટી અધિકારીઓ ૪૦ ઓનલાઈન ગેમિંગ કંપનીઓ સામે નવી ટેક્સ ડિમાન્ડ નોટિસ જારી કરવાની તૈયારી કરી રહ્યા છે.

### સુરેન્દ્રનગર જીલ્લાનાં ચુડા તાલુકાનાં સમઢીયાળા ગામ ખાતે

## જમીનનાં ડખ્ખામાં બે દલિત સગા ભાઈની હત્યા

સુરેન્દ્રનગર તા. ૧૩
સુરેન્દ્રનગરના સમઢિયાળા ગામમાં રાત્રે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં સગા બે ભાઈની હત્યા થઈ છે. ઘટનાને પગલે પોલીસનાં ધાડેધાડાં ઉતારવામાં આવ્યાં છે. બન્ને ભાઈના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડાતા મોટી સંખ્યામાં સમાજના લોકો ઊમટ્યા છે. આથી હોસ્પિટલમાં પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ચુડા તાલુકાના સમઢિયાળા ગામમાં જૂથ અથડામણની ઘટનામાં ઈજાગ્રસ્ત પૈકી બે સગાભાઈ આધેડનાં સારવાર દરમિયાન મોત થયાં છે. જેથી આ જૂથ અથડામણની ઘટના હત્યામાં ફેરવાઈ છે. જમીન ખેડવા મુદ્દે બે અલગ અલગ જ્ઞાતિનાં જૂથો સામસામે બાખડી પડ્યાં હતાં. તલવાર, ધારિયા સહિતનાં હથિયારોથી સામસામે હુમલો કરાયો હતો. આ ઘટનામાં બે આધેડના સારવાર દરમિયાન મેડિકલ કોલેજમાં મોત થયાં છે. એકસાથે બે હત્યાના બનાવને લઈ મેડિકલ કોલેજ ખાતે અનુસૂચિત સમાજના આગેવાનો એકત્રિત થયા હતા. ભારે તંગદિલીભર્યા વાતાવરણ વચ્ચે DYSP લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. આ જૂથ અથડામણમાં એક મહિલા સહિત ચારથી વધુ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. DYSP એચ.પી.દોશીએ જણાવ્યું હતું કે, સમઢિયાળા ગામમાં આલજીભાઈ તેમજ તેમના ભાઈ મનોજભાઈનું ૭૦ વર્ષ જૂનું એક ખેતર છે. જે ખેતર બાપ-દાદાવખતનું તેઓનું જ છે તેમ જણાવે છે. રેકોર્ડ પર પોતાના નામે હોય તેવું જણાવે છે. આ ખેતર તેઓએ સમઢિયાળા ગામના વ્યક્તિ કે જે આરોપીઓ છે તેઓ પાસેથી જે તે વખતે રેવન્યુ રાહે કાર્યવાહી ચાલતી હોય અને આ બાબતે SDMમાં અને કલેકટરમાં પણ કાર્યવાહી પૂર્ણ થયેલ હોય જેથી હાલના જે ભોગ બનનાર છે આલજીભાઈ તેમજ મનોજભાઈ તેઓ સવારે તેમના પરિવાર સાથે ગામમાં આવ્યા હતા. ત્યારે ખેતી કરવા જતા સામેના પક્ષના ભીખુભાઈ તેમજ તેમનો પુત્ર સહિત અન્ય લોકોએ આવીને લાકડી, ધોકાથી માર માર્યો હતો. આ હુમલાની ઘટનામાં આલજીભાઈ તેમજ મનોજભાઈનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. તેમજ ચાર લોકોને હાલ ઈજા પહોંચી છે.

## આવતીકાલે બપોરે ૨.૩૫ કલાકે ચંદ્રયાન-૩નું લોન્ચીંગ : કાઉન્ટ-ડાઉન શરૂ : સમગ્ર વિશ્વની મીટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૩
દેશના મહત્ત્વાકાંક્ષી ચન્દ્રયાન-૩ માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આ લૉન્ચિંગ શુક્રવારે બપોરે ૨:૩૫ વાગે શરૂ થશે. ૨૪-૨૫ ઓગસ્ટે ચન્દ્ર પર ઉતર્યા પછીના ૧૪ દિવસ રોવર લેન્ડર ચારેય તરફ ૩૬૦ ડિગ્રી ફરશે અને વિવિધ પરીક્ષણો કરશે. ચન્દ્રની સપાટી પર રોવરનાં પૈડાંનાં જે નિશાન પડશે તેની તસવીરો પણ લેન્ડર મોકલશે.

ભારત ચન્દ્ર પર રાષ્ટ્રધ્વજ મોકલનારો ચોથો અને ચન્દ્રના દક્ષિણ ધ્રુવ નજીક પહોંચનારો પહેલો દેશ બનશે. આ એ જ વિસ્તાર છે, જ્યાં ચન્દ્રયાન-૧ વખતે મૂન ઈમ્પેક્ટ પ્રોબ છોડાયું હતું અને ઈસરોએ ત્યાં પાણીની શોધ કરી હતી. ત્યાં જ ચન્દ્રયાન-૨નું ક્રેશ લેન્ડિંગ થયું હતું. જોકે તેના ઓર્બિટર થકી ઈસરો આ વિસ્તારની હાઈ રિઝોલ્યુશન તસવીરો મેળવતું રહ્યું છે. તેની મદદથી ઈસરોએ અહીંનો ૩૦ સે.મી. રિઝોલ્યુશન મેપ તૈયાર કરી લીધો છે. આમ, ઈસરો પાસે આ વિસ્તારની ઊંડી માહિતી છે. અહીંના દરેક પથ્થર અને ખાડાના આકાર, ઊંચાઈ અને ઊંડાણની ઈસરો પાસે માહિતી છે. આ માહિતીની મદદથી ઈસરો પાસે લેન્ડરને શક્ય એટલું સરળ લેન્ડિંગ કરાવવા યોગ્ય સ્થળ પસંદ કરવામાં મદદ મળી છે.

## સામાન્ય અપરાધમાં હવે જેલની સજાની જોગવાઈ સમાપ્ત કરાશે : ચોમાસુ સત્રમાં વિધેયક

નવી દિલ્હી તા.૧૩
દેશમાં સતત વધી રહેલા કાનૂન રાજ તથા અદાલતોમાં થઈ રહેલા કેસોના ભરાવા અને કેદીઓથી ઉભરાતી જેલોમાં હવે સરકાર એક મહત્વનું ‘જન વિશ્વાસ’ વિધેયક લાવી રહી છે. જેમાં નાના અપરાધોમાં જેલ સજાના બદલે ફક્ત દંડ જ કરવામાં આવશે. કેન્દ્રની મોદી સરકારે આ અંગે એક વિધેયક તૈયાર કર્યુ છે અને તેને ગઈકાલે મળેલી કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં મંજુરી આપવામાં આવી હતી. આ નવા વિધેયકમાં કેન્દ્ર તથા રાજયોના ૧૯ મંત્રાલયો સાથે જોડાયેલા ૧૮૩ જોગવાઈઓમાં સુધારાનો પ્રસ્તાવ છે. જો કે આ ખરડો ડિસે. ૨૦૨૨માં લોકસભામાં રજુ કરી બાદમાં સંસદીય સમીતીને સુપ્રત કરી દેવામાં આવ્યો હતો. જેને હવે અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે અને હવે તે સંસદના ચોમાસુ સત્રમાં રજુ કરશે.


## ગુજરાતમાં ૧૬ જુલાઈથી વરસાદનો ત્રીજો રાઉન્ડ : હિમાચલ જેવા પુરની આગાહી

અમદાવાદ તા. ૧૩
આજથી ૩ દિવસ ગુજરાતમાં છૂટાછવાયા વરસાદની હવામાનની આગાહી કરાઈ છે. પરંતુ ૧૬ જુલાઈથી ગુજરાતમાં વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થશે. આગામી ૩ દિવસ ગુજરાતમાં છૂટાછવાયા વરસાદની આગાહી છે. તે પછી વરસાદ ધડબડાટી બોલાવશે. આજથી ૩ દિવસ ગુજરાતમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદનાં ત્રીજા રાઉન્ડમાં હિમાચલ જેવા ભયાનક પુરની આગાહી કરવામાં આવી છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Ramdev INSTITUTIONAL SPECIAL
SINCE 1965

હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ, હોસ્પિટલ, કેન્ટીન, ફરસાણ અને ફાસ્ટ ફૂડના વ્યવસાયી મિત્રો માટે ઈન્સ્ટિટ્યુશનલ પેકમાં ઉપલબ્ધ.

- મરચું, હળદર, ધાણા, ધાણાજીરૂ – 2kg, 5kg
- રેડ ગોલ્ડ કાશ્મીરી મરચું – 1kg
- સ્ટ્રોંગ હીંગ – 200g, 500g
- મિક્ષ પિકલ 2kg, 5kg
- ગરમ મસાલા રેન્જ – 500g
- અડદ પાપડ (સિંગલ મરી) – 1kg
- ખમણ, ઈડલી, ઢોકળા, ગુલાબ જામુન ઈન્સ્ટન્ટ મિક્ષ – 1kg




ડિસ્ટ્રિબ્યૂટર્સ માટે પૂછપરછ આવકાર્ય
જો આપના વિસ્તારમાં રામદેવના ઈન્સ્ટિટ્યુશનલ પેક ઉપલબ્ધ ન હોય તો 9875151801 પર સંપર્ક કરો.
(સમય: ૧૦ થી ૫)

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ
www.ramdev.co.in • ipsales@ramdev.co.in
HORECA

**વેચવાનો છે**

ઔદ્યોગિક હેતુવાળા ૨૪૪૮ ચોરસ વાર પ્લોટ, જય ભૂવનેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સાબલપુર, જૂનાગઢ (૨૨ હોર્સ પાવર સાથે)
મળો : જયેન્દ્રભાઈ
મો. ૯૮૨૫૨ ૨૦૧૪૮

**એડમીશન માટે મળો**

MBBS
(INDIA / ABROAD

ગાયત્રી હોસ્પીટલ
જૂનાગઢ

ડો. રાહુલ મેહતા
મો. ૭૪૩૬૦ ૭૪૪૦૮

**બંગલો વેચવાનો છે**

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.
સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) નીલકમલ-૧માં પહેલા માળે ફલેટ
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) રાયજીબાગ ઓરચીડમાં ફલેટ
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

C M Y K

# ઇન્સ્ટન્ટ લોન આપવાના બહાને લોન વિશિષ્ટ રીતે બ્લેકમેઇલ કરીને છેતરપિંડી કરનાર ઠગની ધરપકડ



## દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલની કાર્યવાહી

(કુંજનરાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ઈન્ટરનેટનો ઉપયોગ અનિવાર્ય હોવાનો લાભ લઈ કેટલાક તકસાધુ લોકો સાયબર ક્રાઈમની માયાઝાળમાં ફસાવી છેતરપીંડી વિશ્વાસઘાતના ગુનાઓ આચરતા હોય છે. દેવભુમી દ્વારકા જિલ્લામાંબનતા આવા પ્રકારના સાયબર ક્રાઈમના ગુનાઓનો અભ્યાસ કરતા નાના વર્ગના લોકો વધુ પ્રમાણમાં ભોગ બનતા હોવાનું ધ્યાને આવતા, જે બાબતને સંવેદનશીલ પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય દ્વારા આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ અને મહત્વની કાર્યવાહી કરવામાં આવી છે.દ્વારકાના રૂપિયા બંદર વિસ્તારમાં રહેતા ૨૦ વર્ષના એક યુવાનના ભાઈની દિકરી જેની ઉમર ૫ વર્ષની હોય , તેણી યુ-ટયુબમાં વિડીયો જોતી વખતે આવેલી એડમાં ભુલમાં ટચ થઈ જતા, ક્રેડીટનાઉ નામની ઈન્સ્ટન્ટ લોનની એપ મોબાઈલમાં ડાઉનલોડ થઈ ગયેલ હતી. બાદમાં તા. ૯ માર્ચના રોજ ફરીયાદીને તેમના મોબાઈલ ડીવાઈઝમાં ક્રેડીટનાઉ નામની એપ્લીકેશન જોવામાં આવતા, ફરીયાદી દ્વારા આ એપ ખોલતા, તેને જાણવા મળેલ કે આ એપ્લીકેશનના માધ્યમથી લોન મળી શકે છે. બાદમાં આ એપમાં ફરીયાદી આગળ વધતા ફરીયાદીના મોબાઈલના ફોટા, કોન્ટેકટ, મેસેઝ વિગેરે જેવી અંગત માહિતીના એકસેસ એપ દ્વારા લઈ લેવામાં આવેલ. ફરીયાદી દ્વારા આ એપમાં આગળ વધતા લોન મેળવવા સારૂ આધારકાર્ડ, પાન કાર્ડ અને ફરીયાદીનો સેલ્ફી ફોટો અપલોડ કરેલ હતો. તેમજ ફરીયાદી દ્વારા તેમની બેંકને લગતી વિગતો આ એપમાં દાખલ કરેલ, બાદમાં એપના માધ્યમથી જાણવા મળેલ કે ફરીયાદીની રૂા.૩,૦૦૦/-ની લોન મંજુર થયેલ છે. તુરંત બાદ ફરીયાદીએ તેમની બેંકમાં ચેક કરતા તેમાં રૂા.૧૮૦૦ની લોન જમા થયેલ હતી. તેમજ રૂા.૧૨૦૦ પ્રોસેસીંગ ફી કપાયા હોવાનુ જાણવા મળેલ હતું. પાંચ દિવસ બાદ આ આરોપીઓ દ્વારા વિદેશના મોબાઈલ નંબરોની વોટસએપ મારફતે રૂા.૩,૦૦૦/- લોનની રકમ ભરપાઈ કરી, લોન કલોઝ કરવા અવાર-નવાર વોટ્સએપમાં મેસેઝ કરવામાં આવતા. બાદમાં ફરીયાદી દ્વારા તે રકમની ઓનલાઈન ચુકવણી કરી દઈ લોન કલોઝ કરવામાં આવેલ. લોન કલોઝ થતા ફરીવાર આપો-આપ ફરીયાદીના ખાતામાં લોન જમા કરી દેવામાં આવેલ. જે રકમ પણ ફરીયાદી દ્વારા ઓનલાઈન પેમેન્ટ કરી ભરપાય કરી દેવામાં આવેલ હતી. બાદમાં ફરીયાદીએ આરોપીને જણાવેલ કે, હવે કોઈ લોનની જરૂરીયાત નથી તેમજ હવે કોઈ લોન મારા ખાતામાં જમા ન કરવી. તેમ કહેતા આ કામના આરોપીઓ દ્વારા ફરીયાદીના ફોટાને એડીટ કરી, બિભત્સ બનાવી. વિદેશી મોબાઈલ નંબરથી વોટ્સએપ મારફતે ફરીયાદીને મોકલેલ અને ધમકી આપેલ કે લોન નહી ભરી તો ફરીયાદીના બિભત્સ ફોટાઓ સોશ્યલ મીડીયામા અપલોડ કરશે. બાદમાં આરોપીઓએ ફરીયાદીના મીત્રો તથા સગા સબંધીઓના મોબાઈલમાં ફરીયાદીના ન્યુડ/બિભત્સ ફોટા મોકલેલ તેમજ તેમા ફરીયાદીના નામનો ઉલ્લેખ કરી લખાણ કરેલ કે, ફરીયાદીએ અમારી પાસેથી લોન લીધેલ છે અને હવે ભરતો નથી. બાદમાં ફરીયાદીના મિત્રો તથા સગા-સબંધીઓ આ બાબતે તેમને પુછતા ફરીયાદી ડરી જઈ, લોનની રકમ વારંવાર ભરપાઈ કરવા લાગેલ, જો ફરીયાદી લોનની રકમ ભરપાઈ કરવાની ના પડે તો આરોપીઓ દ્વારા ફરીયાદીના ન્યુડ ફોટા ફરીયાદીના તમામ કોન્ટેકટ લીસ્ટવાળાને તેમજ ફેસબુલ, ઈન્સ્ટાગ્રામ વિગેરે જેવા સોશયલ મીડીયામા વાયરલ કરવાની ધમકી આપતા. એ રીતે આરોપીઓ દ્વારા કુલ રૂા. ૬૧,૦૦૦ પડાવી લીધેલ. જેથી ફરીયાદીને છેતરપીંડી થયેલાનું માલુમ પડતા, આ બાબતે દ્વારકા પોલીસસ્ટેશનમાં ફરિયાદ પરથી ગુનો દાખલ કરી સાયબર ક્રાઈમ સેલને તપાસ સોંપવામાં આવી હતી. આ પ્રકરણમાં જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય દ્વારા ચોક્કસ દિશામાં વર્કઆઉટ કરવા માટે ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતીના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ સેલના પોલીસ ઈન્સ્પેકટર એ.વાય. બ્લોચને સુચના માર્ગદર્શન આપેલ હતા. જે સંદર્ભે મેન્યુઅલ અને ટેકનીકલ સર્વેલન્સ આધારે આ ગુનામાં બિહાર રાજ્યના જમુઈ જિલ્લાના રોશનકુમાર વિજયપ્રસાદ સીંઘ નામનો શખ્સ સંડોવાયેલો હોવાના પુરાવાના આધારે આરોપીને સુરત ખાતેથી ટ્રાન્સફર વોરંટના આધારે અત્રે લાવીને ધરપકડ કરવામાં આવેલ છે. માત્ર ૧૨ ચોપડી ભણેલા આરોપી રોશનકુમાર વિજયપ્રસાદ સીંઘ ટ્રાન્સફર તથા ઓનલાઈન સરકારી યોજનાઓના ફોર્મ ભરવાનું કામ કરતો હતો. આરોપીઓએ આયોજનબદ્ધ રીતે છેતરપીંડી કરવા માટે કાવતરૂ રચી તે અનુસંધાને આરોપીઓ યુ-ટ્યુબ તથા ગુગલ પ્લે સ્ટોરમાં તેમની ઈન્સ્ટન્ટ લોનની એપ્લિકેશન અપલોડ કરતા હતા. યુ-ટ્યુબમાં એડવર્ટાઈઝ ફિલ્મમાં આ એપની એડ મુકી, નાગરીકોને ઈન્સ્ટન્ટ લોન મેળવવા માટેની લોભામણી જાહેરાતો કરી, મોબાઈલ ફોનમાં એપ ઈન્સ્ટોલ કરાવતા હતા. જે એપ ઈન્સ્ટોલ કરતા તેમાં કોન્ટેકટ, કેમેરા, ફોટાઓ, વિડીયો વિગેરે જેવા મોબાઈલ ફોનના અગત્યના ડેટાના એકસેસ લેવાની મંજુરી માંગે છે. જેથી તે એપ મોબાઈલફોનનો ડેટા સ્ટોર કરી લે છે. બાદમાં નાગરીકોના પાન કાર્ડ અને આધારકાર્ડ તથા બેંકને લગતી માહિતી અપલોડ કરવા જણાવે છે. જે માહિતી અપલોડ કરતાની સાથે જ પ્રોસેસીંગ ફી કપાઈ બાકીની રકમ લોન સ્વરૂપે નાગરીકોના ખાતામાં જમા થઈ જાય છે. બાદમાં પાંચ-છ દિવસ પછી આરોપીઓ વિદેશી મોબાઈલ નંબર ઉપરથી વોટસએપ કોલ-મેસેજ કરવાના ચાલુ કરી, તે વોટસએપ દ્વારા નાગરીકોને ઉંચા વ્યાજદર સાથે લોનની ભરપાઈ કરવા માટે ધમકી આપે છે. નાગરીકો દ્વારા આવી લોનની ભરપાઈ કરવામાં આવે તો પણ નાગરીકોને સહમતી વગર બીજો લોન જમા કરી દેવામાં આવે છે. એ રીતે અવાર-નવાર લોન જમા કરી, વધુ નાણાની માંગણી કરવામાં આવે છે. તેમજ આરોપીઓ ધાક-ધમકી આપે છે કે, જો નાગરીકો દ્વારા નાણા ચુકવવામાં નહિ આવે તો, તેમના મોબાઈલ ફોનમાં સેવ (સ્ટોર) કરેલ તમામ મોબાઈલ નંબરમાં ભોગ બનનારનો ફોટો મોર્ફ કરી, બિભત્સ બનાવી મોકલવામાં આવશે. તેમજ આરોપીઓ ભોગ બનનારનો ફોટો મોર્ફ (એડીટ) કરી, ભોગ બનનારના મિત્રો તથા સગા-સબંધીને મોકલે છે અને ભોગ બનનારને ડરાવી-ધમકાવી નાણા પડાવે છે. એ રીતે નાગરીકો ડરી જઈ અવાર-નવાર ઉંચા વ્યાજદર તથા લોનની રકમની ચુકવણી કરતા હોય છે. એ રીતે આરોપીઓ એકસંપ થઈ આયોજનબદ્ધ રીતે વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરતા હોવાના અન્ય આરોપીઓના નામ ખુલવા પામેલ છે જે અંગે તપાસ ચાલુ છે. આ રીતે ઘણા લોકો સાથે છેતરપીંડી કરેલ હોવાની કબુલાત કરેલ છે. આ આરોપી સામે સુરત શહેર રાંદેર પોલીસ સ્ટેશનમાં, સુરત શહેરના ડીંડોલી પોલીસ સ્ટેશનમાં, અમદાવાદના વટવા પોલીસ મથકમાં, પણ છેતરપિંડી સહિતના ગુનાઓ નોંધાયા છે. આ પ્રકરણની તપાસ હાલ સાયબર સેલના પોલીસ ઈન્સ્પેકટર એ.વાય. બ્લોચ દ્વારા હાથ ધરવામાં આવી છે. જેમાં અન્ય ગુનાઓનો ભેદ ઉકેલાવાની શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## નવસારીના વાંસીબોરસીમાં ૧૧૪૧ એકરમાં નિર્માણ પામશે PM મિત્ર પાર્ક

# આજે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે MOU:'મેક ઈન ઈન્ડિયા' અને 'મેક ફોર ધ વર્લ્ડ'નું ઉદાહરણ બનશે




સુરત તા. ૧૩

સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ માટે ખૂબ જ મોટું ફલક ઉભું થવા જઈ રહ્યું છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે એમઓયુ થવા જઈ રહ્યા છે, જેનાથી ટેક્સટાઈલ ઉદ્યોગને નવી ગતિ અને ઊર્જા મળશે. દેશના સાત રાજ્યોમાં સાત પાર્કસ સ્થાપી આશરે રૂ. ૭૦ હજાર કરોડના રોકાણ અને ૨૦ લાખ રોજગારીનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે.

ભારતીય કાપડ ઉદ્યોગએ ઉત્પાદન ક્ષમતા તેમજ રો-મટિરિયલ બેઝ્ડ વિશ્વના સૌથી મોટા ઉદ્યોગોમાંનો એક છે. કેન્દ્ર સરકારે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ, ઉત્પાદન અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો, ટેક્નોલોજીના અપગ્રેડેશન, કૌશલ્યવર્ધન કરી કાપડ ક્ષેત્રને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનું લક્ષ્ય સેવ્યું છે. આ લક્ષ્યને સિદ્ધ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પી.એમ. મિત્ર (મેગા ઈન્ટીગ્રેટેડ ટેક્સટાઈલ રિજન એન્ડ એપેરલ-PM MITRA) પાર્ક' મેગા પ્રોજેકટનું સ્વપ્ન સેવ્યું છે. આ સ્વપ્નને મૂર્તસ્વરૂપ આપવા દેશના સાત રાજ્યોમાં 'પી.એમ. મિત્ર પાર્ક' સ્થાપી કાપડ ઉદ્યોગને લાર્જ સ્કેલ બનાવવા, વૈશ્વિક કાપડ બજારમાં ભારતને ઉચ્ચ સ્થાન અપાવવા, ગુણવત્તાયુક્ત સ્પર્ધાત્મક વાતાવરણ પૂરૂ પાડવા અને મોટા પાયે વિશ્વ કક્ષાની સંકલિત ઔદ્યોગિક સુવિધાઓ વિકસાવવા માટે કમર કસી છે. વડાપ્રધાનએ ગુજરાતના નવસારી જિલ્લા સહિત દેશના સાત રાજ્યોમાં ટેકસટાઈલ પાર્ક નિર્માણ કરવાની મંજૂરી આપી દીધી છે. આવતીકાલે સુરતમાં વીર નર્મદ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રત્યક્ષ અને વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે ગુજરાતમાં પાર્ક નિર્માણના એમ.ઓ.યુ. થશે. ગુજરાતના નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વાંસી બોરસી ખાતે ૧૧૪૧ એકરમાં સાકાર થનાર મેગા ઈન્ટીગ્રેટેડ એપરલ પાર્ક દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજયમાં રોજગારીની નવી તકોનું સર્જન કરવાની સાથે ગુજરાતના ટેકસટાઈલ ઉદ્યોગને વેગવંતો બનાવશે. આ પહેલ 'મેક ઈન ઈન્ડિયા' અને 'મેક ફોર ધ વર્લ્ડ'નું ઉદાહરણ સિદ્ધ કરશે. પી.એમ. મિત્ર પાર્કની સ્થાપના ગુજરાત માટે મોટી ઉપલબ્ધિ સમાન છે.

ગુજરાતમાં એક માત્ર નવસારીના વાંસીબોરસી ખાતે નિર્માણ પામનાર મિત્ર પાર્કથી ૧ લાખ પ્રત્યક્ષ અને ૨ લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન થશે. કેન્દ્રીય કાપડ મંત્રાલયે ગુજરાતના નવસારીના વાંસી બોરસી સહિત સાત રાજ્યોમાં સાત પી.એમ. મિત્ર પાર્ક મંજૂર કર્યા છે. રૂ.૪૪૪૫ કરોડના ખર્ચે દેશના ૭ રાજ્યોમાં પ્રત્યેકમાં એક એવા કુલ ૭ મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજન એન્ડ એપેરલ (PM MITRA) પાર્ક્સ સાકાર કરવામાં આવશે. અહીં કોટન ટુ થ્રેડ, થ્રેડ ટુ ગારમેન્ટ મેન્યુફેકચરીંગ અને ફિનિશ્ડ ગારમેન્ટનું વેચાણ અને નિકાસ એક જ જગ્યાથી કરવામાં આવશે, જે વડાપ્રધાનના 5F વિઝન (ફાર્મ ટુ ફાઈબર ટુ ફેક્ટરી ટુ ફેશન ટુ ફોરેન)ને સાકાર કરવામાં સહાયરૂપ થશે. આ પાર્ક્સ ભારતને સંયુક્ત રાષ્ટ્રના ૯ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ હાંસલ કરવામાં સહાયક બનશે. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના નિમંત્રણને ઉદ્યોગકારોએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો છે. પાર્કના કુલ ફાળવણીપાત્ર વિસ્તાર સામે GIDCને ૬ ગણી માંગ મળી છે. એટલે કે હાલ લગભગ ૬૦૦ એકર ફાળવણીપાત્ર વિસ્તાર સામે ૩૬૦૦ એકર જમીનની માંગણી કરતી પ્રપોઝલ મળી છે. નોંધનીય છે કે, કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ રાજય સરકાર દ્વારા GIDCને ટોકન દરે પાર્ક માટે જમીન ફાળવવામાં આવી છે.

# ખંભાળિયાના પૂર્વ મામલતદાર ચિંતન વૈષ્ણવને નોકરીમાંથી બરતરફનો હુકમ સરકાર દ્વારા પરત ખેંચાયો



(કુંજનરાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં ભારે વિવાદવાળી તથા ભારે લોકપ્રિય એમ બંને પ્રકારની કામગીરી કરનારા તત્કાલીન મામલતદાર ચિંતન વૈષ્ણવને રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા અગાઉ ડીસમિસ કરાયેલા. તેમને હાઈકોર્ટના હુકમથી ફરી ફરજ ઉપર લેવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયામાં મામલતદાર તરીકે ચિંતન વૈષ્ણવના ફરજકાળ દરમ્યાન તેઓએ અનેક બોગસ જમીન ખાતેદારોને ખુલ્લા પાડ્યા હતા તથા શહેરમાં કથિક રીતે નિયમ વિરૂદ્ધ ફટાકડાના લાયસન્સ ના આપવા બાબતે વિવાદ થતા આ અંગે ઉચ્ચકક્ષાએ ફરિયાદો થઈ હતી. જેથી સૌપ્રથમ તેમને સસ્પેન્ડ કરાયા બાદ ડીસમિસ કરવામાં આવ્યા હતા. જેનો હુકમ મહેસુલ વિભાગે તારીખ ૨-૦૩-૨૦૧૯ ના રોજ કરતા ચિંતન વૈષ્ણવે આ બાબતે હાઈકોર્ટમાં ગયા હતા. તેમની અરજીમાં હાઈકોર્ટે ૧૫૧૭/૨૦૨૨ ની અરજી અન્વયે ચિંતન વૈષ્ણવને મામલતદાર સંવર્ગ સેવામાં પુનઃ પ્રસ્થાપિત કરવા આદેશ કર્યો હતો. જેથી મહેસુલ વિભાગ દ્વારા તા. ૧૦-૦૭-૨૦૨૩ ના હુકમ કરીને ચિંતન વૈષ્ણવને હુકમ મળ્યાથી સાત દિવસમાં હાજર થવા જણાવ્યું છે. ચિંતન વૈષ્ણવનો અજમાયસી સમય પણ તારીખ ૯-૦૫-૨૦૧૩ ના રોજ પૂર્ણ ગણી લાંબા ગાળાના ધોરણે કાયમી નિમણૂક કરવામાં આવી હતી તથા તારીખ ૨-૦૩-૧૯થી તેઓ હાજર થાય ત્યાં સુધી પગાર ભથ્થાની ચુકવણી પણ કરવા આદેશ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડિસમિસ થયેલા મામલતદાર ચિંતન વૈષ્ણવ તેમના મોટસાયકલ ઉપર ફરવાના શોખ અને સાહસથી જાણીતા હતા. છેલ્લે સોશિયલ મીડિયા ઉપર સરકારે તેમને ડિસમિસ કરતા જૂનાગઢમાં ભજીયા વેચવા ગુજરાતના એક વખતના સનદી અધિકારીએ કામ કરવું પડતું હોવાના વિડીયો ખૂબ જ વાયરલ થયા હતા. ડીસમિસ થયા બાદ તેમણે ઉચ્ચ અભ્યાસ કરી અને ડોક્ટરની ડિગ્રી પણ મેળવી લીધી છે. ખંભાળિયામાં તેમના ફરજકાળ દરમ્યાન નાના માણસોના કામોના ઝડપી નિકાલની સેવાને આજે પણ લોકો યાદ કરે છે. અહીં જમીનના બોગસ ખાતેદાર પ્રકરણમાં તેમનું નામ ખૂબ ચર્ચામાં આવ્યું હતું. ડો. ચિંતન વૈષ્ણવને પુનઃ નોકરીમાં લેવા માટે કરવામાં આવેલા હુકમમાં સંદર્ભે ભવિષ્યમાં સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ થનાર એસ.એલ.પી.માં આવનાર ચુકાદાને આધીન રહેવાનું પણ હુકમમાં જણાવ્યું છે. સોશિયલ મીડિયામાં ચિંતન વૈષ્ણવ સિંઘમના નામથી મશહૂર હતા તથા યુટ્યુબ ઉપર તેમને ફરજ મુક્ત કેમ કરવામાં આવ્યા તેના વિડીયો પણ ખૂબ જ વાયરલ થયા હતા. તેમના દ્વારા છેલ્લા કેટલાક સમયથી જૂનાગઢ ખાતે વિવિધ પ્રકારના ડીગ્રી કોર્સ કરતાં વિદ્યાર્થીઓને મહત્વનું માર્ગદર્શન પણ આપવામાં આવતું હતું.

# મનુષ્ય જીવન વ્યસન મુક્ત હોવું જોઈએ - જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૩

આષાઢ કૃષ્ણ દશમી શ્રી શારદાપીઠ દ્વારકા ખાતે ચાલી રહેલ ચાતુર્માસ્ય વ્રત અનુષ્ઠાનના સાયં સત્ર શ્રીમદ્ ભગવદ્ ગીતાના પ્રવચનમાં સમાજને વ્યસન મુક્ત બનાવવા વિશેષ ભાર મૂક્યો હતો. મહારાજજીએ કહ્યું મનુષ્યને ધર્મ પ્રત્યે નિષ્ઠા જેટલી દ્રઢ હશે એટલું જ એનું જીવન સુખમય બનશે. જીવનમાં આવતી મુશ્કેલીઓ અને દુઃખોથી દૂર થવા માટે મનુષ્યએ શાસ્ત્રો અને ગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ. શાસ્ત્રોને સમજવા સંતો અને ગુરૂજનોના શરણમાં જવું જેથી શાસ્ત્રોનો સાચો અર્થ જાણી શકાય. અને જે ગુરૂની શરણમાં જાય છે તેને ગુરૂ ભવસાગરથી તરવાનો સરળ રસ્તો બતાવી આપે છે અને મનુષ્ય જીવનનું ચરમ સુખ પ્રાપ્ત એટલે કે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.


## જૂનાગઢમાંથી વિદેશી દારૂની ૯૬ બોટલ ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે રેલ્વે સ્ટેશન પાસેથી તરૂણ પ્રકાશભાઈ દુબે વિદેશી દારૂની બોટલ નંગ-૯૬, એક મોટરસાયકલ, એક મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૩૪૬૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે હાજર નહી મળી આવેલ શખ્સોને ઝડપવા પોલીસે ચક્રો ગતીમાન કરેલ છે.

## કાંકરેજનાં પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈની રાજયસભાનાં સાંસદ માટે થતી પસંદગી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૩

કાંકરેજનાં પૂર્વ ધારાસભ્ય અને ભગવાન શ્રી દ્વારકાધીશનાં પરમભકત એવા બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ હવે સંસદમાં જોવા મળશે. ભાજપે ગઈકાલે ગુજરાતમાંથી રાજયસભાનાં ઉમેદવાર તરીકે બાબુભાઈ દેસાઈનાં નામની જાહેરાત કરતાં દ્વારકાવાસીઓ તથા દ્વારકાધીશનાં ભકતોમાં ખુશીની લહેર ફેલાઈ છે. તેઓએ દ્વારકાધીશનાં જગત મંદિરનાં શિખર ઉપર અનેક વખત ધ્વજારોહણ સાથે દાન-પૂણ્ય કરેલ છે તથા દ્વારકાધીશ મંદિરમાં સોના-ચાંદીનાં આભુષણો અર્પણ કરેલા છે. બાબુભાઈ દેસાઈ તથા ધારાસભ્ય કાર્યકાળ દરમ્યાન શ્રેષ્ઠ ધારાસભ્યનો એવોર્ડ મેળવી ચુકયા છે.

## ઉના તાલુકાના સનખડા ગામે યુવાનની હત્યા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૩

ઉના તાલુકાના સનખડા ગામનો પરણિત યુવાન દોલુભાઈ ધીરૂભાઈ ઝાલા (ઉ.વ.૩૫) કોઈ કામ માટે ઉના તાલુકાના માણેકપુર ગામે ગયેલ હતા અને માણેકપુર-દુધાળા ગામના રોડ ઉપર બાવળના ઝાડ પાસે કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ પણ કારણસર તિક્ષણ હથિયાર વતી હુમલો કરી હાથ, પગ અને માથામાં ગંભીર ઈજાઓ કરતા આ બનાવની જાણ તેમના પરિવારને થતા તુરંત સ્થળ ઉપર પહોંચી સારવાર માટે ઉના હોસ્પિટલે લાવવામાં આવેલ હતા. સ્થિતિ ગંભીર હોય વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયા હતા અને ત્યાં સારવાર મળે તે પહેલા મોત થયું હતું અને આ અંગે તેમના પરિવારએ નવાબંદર મરીન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી અને પોલીસ અજાણ્યા ઈસમોએને પકડવા તજવીજ હાથ ધરી છે.

# ખંભાળિયા લાયન્સ કલબના નવા હોદ્દેદારો વરાયા



(કુંજનરાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા શહેરમાં નિયમિત રીતે અનેક સામાજિક સેવાકીય પ્રવૃત્તિ કરતી સંસ્થા લાયન્સક્લબના આગામી લાયન વર્ષ ૨૦૨૩-૨૪ ના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આગામી વર્ષના પ્રમુખ તરીકે, શહેરના અગ્રણી સેવાભાવી મહિલા નિમિષાબેન નકુમ, સેક્રેટરી તરીકે સિનિયર સદસ્ય હાડાભા જામ, ટ્રેઝરર તરીકે મહિલા અગ્રણી ચંદાબેન મોદી, ઉપપ્રમુખ તરીકે કેતનભાઈ બરછા અને એભાભાઈ કરમુરની સાથે તેમની ટીમની વરણી કરવામાં આવી છે. આ ટીમની વરણી પ્રસંગે ઉપસ્થિત મોટી સંખ્યામાં લાયન સભ્યોએ નવા વરાયેલા સૌ હોદ્દેદારોને અભિનંદન આપી, શુભેચ્છાઓ પાઠવી હતી. નવા વરાયેલા પ્રમુખ, નિમિષાબેન નકુમ અને સમગ્ર ટીમે આગામી વર્ષમાં વધુને વધુ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા સેવાની જ્યોત અવિરત રીતે જલાવી રાખવાનો નિર્ધાર કરી, તેઓમાં મુકેલા વિશ્વાસને સાર્થક કરવા ખાતરી આપી હતી.

## યુવાઓને રોજગારી પૂરી પાડવામાં મદદરૂપ થાય છે ઔદ્યોગિક ભરતી મેળાઓ

(કુંજનરાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લા રોજગાર કચેરી દ્વારા જિલ્લામાંથી નોંધાયેલા રોજગાર વાંચ્છુઓને રોજગારીની સ્થાનિક કક્ષાએ તકો મળી રહે તે માટે રોજગાર ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવતું હોય છે. હાલમાં ખંભાળિયામાં ટાઉનહોલ ખાતે ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપની દ્વારા ૨૦૫ જેટલા યુવાઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે.

# સરાડીયા ખાતે સાંસદનાં હસ્તે રવિવારે પાઈપલાઈનનું ખાતુમુર્હત કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

માણાવદર તાલુકાનાં સરાડીયા ગામે આગામી તા. ૧૬ જુલાઈ રવીવારનાં રોજ પોરબંદરનાં સાંસદ રમેશભાઈ ધડુકનાં હસ્તે પાઈપલાઈનનું ખાતમુર્હુત રાખવામાં આવ્યું છે. રાકેશભાઈ લખલાણીનાં જણાવ્યા મુજબ વર્ષ ૧૯૮૨માં સરાડીયા ગામ માટે સ્વતંત્ર યોજના મંજુર કરાવી ગામથી દોઢ કિમી દુરથી પાણીની પાઈપ લાઈન નંખાવી ઘરે ઘરે પાણી પહોંચતું કરવામાં આવ્યું હતું. પરંતુ આ પાઈપ લાઈન લીક થઈ જતા નવી પાઈપ લાઈન અને મરામત માટે સાંસદ રમેશભાઈ ધડુકને રજુઆત કરવામાં આવતાં તેઓએ ગુજરાત પાણી પુરવઠા બોર્ડનું ધ્યાન દોરી ઘટતું કરાવ્યું હતું. અને દોઢ કિમી નવી પાઈપ લાઈન નાંખવા માટે રૂા. ૬.૫૦ કરોડનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો છે. જેનું ખાતમુર્હુત રવિવારે સરડીયા ગામનાં ચૈતન્ય હનુમાનજીનાં મંદિરે યોજવામાં આવેલ છે.

જેમાં પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુક ઉપરાંત અગ્રણી જેઠાભાઈ પાનેરા, દિનેશભાઈ ખટારીયા, અરવિંદભાઈ લાડાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે.

## ખંભાળિયામાં સારસ્વત મહાસ્થાન દ્વારા રવિવારે પ્રાચીન મંદિરોમાં નુતન ધ્વજારોહણ

(કુંજનરાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયાના સારસ્વત મહાસ્થાન જ્ઞાતિ સંસ્થા દ્વારા આગામી રવિવાર તારીખ ૧૬ મીના રોજ અહીંના પ્રાચીન અને પૂજનીય શ્રી સરસ્વતી માતાજી, શ્રી કલ્યાણરાયજી મંદિર તથા શ્રી ત્રિકમરાજીના મંદિર ખાતે નૂતન ધ્વજારોહણના કાર્યક્રમનો સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક "વિદ્યોતેજક" કાર્યક્રમ તેમજ જ્ઞાતિસંસ્થા દ્વારા પ્રકાશિત જ્ઞાતિ વસ્તીપત્ર - સહાયપત્ર "જ્ઞાતિ દર્શન" ગ્રંથનું વિમોચન પણ કરવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખ દર્શન પાંધીની એક યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# અમેરીકા - ભારત વચ્ચેની મિત્રતા ચીનને આંખનાં કણાની જેમ ખટકે છે

ફરી એક વાર ચીને એ જ રમત કરી છે, જેમાં તે હવે મહારથી બની ગયું છે. આજ કુટેવને કારણે તે દુનિયાભરમાં બદનામ પણ થઈ રહ્યું છે. ચીને ૨૦ જૂને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની '૧૨૬૭-અલકાયદા સેંક્શન કમિટી' દ્વારા પાકિસ્તાની આતંકવાદી સાજિદ મીરને 'આંતરરાષ્ટ્રીય આતંકી' જાહેર કરવાના પ્રસ્તાવ પર પોતાનો વીટો ઉપયોગ કરતાં આ પહેલને આખરી ક્ષણોમાં અટકાવી દીધી. સાજિદ મીર લશ્કરે તોયબાનો એ આતંકી છે, જે મુંબઈ પર થયેલ આતંકી હુમલા દરમ્યાન આતંકીઓને દિશાનિર્દેશ આપી રહ્યો હતો. આ આતંકી હુમલામાં સેંકડો લોકો માર્યા ગયા. તેમાં પોલીસકર્મીઓથી લઈને કેટલાય વિદેશી નાગરિક પણ સામેલ હતા. ભારત અને અમેરિકા ઉપરાંત કેટલાય દેશોની સરકારો સાજિદ મીરને આ આતંકી હુમલામાં સક્રિય ભૂમિકા નિભાવવા માટે દોષી ગણાવી ચૂક્યા છે. અમેરિકી સરકારે તેના પર ૫૦ લાખ ડોલરનું ઈનામ પણ જાહેર કર્યું છે. જોકે, આ પહેલો પ્રસંગ નથી કે ચીને બેશરમી અને આંતરરાષ્ટ્રીય ન્યાયની તમામ સીમાઓ ઓળંગી જતાં કોઈ ખૂંખાર આતંકીને બચાવવા માટે પોતાના વીટો અને કૂટનીતિક પ્રભાવનો ઉપયોગ કર્યો હોય. એના પહેલાં સુરક્ષા પરિષદમાં જ તેણે જૈશે મોહંમદના સૂત્રધાર મસૂદ અઝહર, લશ્કરે તોયબા અને જમાત ઉદ દાવાના ડેપ્યુટી ચીફ અબ્દુલ રહમાન મક્કી, જૈશના ડેપ્યુટી-ચીફ અબ્દુલ રઉફ અસગર, લશ્કરના શાહિદ મસૂદ અને તાલ્હા સાઈદ જેવા ખૂંખાર આતંકીઓને સંયુકત રાષ્ટ્ર અને દુનિયાની કેટલીય સરકારોની પકડમાં આવતાં બચાવ્યા છે. સાજિદ મીરને બચાવવા માટે પહેલાં તો પાકિસ્તાન સરકારે કહ્યું કે તેનું મોત થઈ ગયું છે, પરંતુ દુનિયા સામે તેનું જૂઠ્ઠાણું પકડાઈ જતાં એ જ પાકિસ્તાનમાં તેને ૧૫ વર્ષની સજા કરવામાં આવી. અસલમાં આ સજાનો અસલી મકસદ મીરને આંતરરાષ્ટ્રીય ન્યાય વ્યવસ્થાથી સુરક્ષા પ્રદાન કરવાનો હતો. મસૂદ અઝહરના બચાવ માટે તો ચીન સરકારે ૨૦૦૯, ૨૦૧૬ અને ૨૦૧૭માં ત્રણ વખત વીટો પ્રયોગ કર્યો, પરંતુ ૨૦૧૯માં તેનો બચાવ ન કર્યો, કારણ કે ત્યાં સુધી ચીને તેનાથી જે ફાયદો ઉઠાવવાનો હતો તે ઉઠાવી ચૂક્યું હતુ.

લગભગ લોકો સમજે છે કે ચીન આવા અનૈતિક પગલાં પોતાના સદાબહાર મિત્ર પાકિસ્તાનને ખુશ કરવા માટે ઉઠાવતું હશે, પરંતુ આ કહાનીનું બીજું પાસું એ પણ છે કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં સક્રિય આ જેહાદી આતંકીઓને બચાવવા પાછળ ચીનનો પોતાનો એક બહુ મોટો સ્વાર્થ પણ છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર તેમને બચાવતાં પહેલાં ચીન તેમને વર્ષો વર્ષ સુધી હથિયાર, પૈસા અને ભરપૂર સુરક્ષા પણ પ્રદાન કરે છે. અલગ-અલગ આતંકી જૂથો પર નિયંત્રણ ધરાવતા આ લોકોનો ઉપયોગ ચીન સરકાર પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને કેટલાય મધ્ય એશિયાઈ દેશોમાં સક્રિય એવા ઉઈગર નેતાઓ અને હથિયારબંધ આતંકીઓની હત્યા કરવા માટે કરતી આવી છે, જે ચીનના મુસ્લિમ ઉપનિવેશ શિનજિયાંગ (ઈસ્ટ-તુર્કિસ્તાન)ને ચીનથી મુક્ત કરાવવાના અભિયાનમાં લાગ્યા હતા. ચીને તિબેટ પર ૧૯૫૧માં જબરદસ્તી કબ્જાના બે વર્ષ પહેલાં ૧૯૪૯માં ઈસ્ટ તુર્કિસ્તાન પર પણ કબ્જો કરી લીધો હતો. ત્યારે ચીને તેને 'શિનજિયાંગ'નું નવું નામ આપ્યું, જેનો અર્થ છે 'નવું ફ્રંટિયર'. ચીનના અત્યાચારોથી ત્રસ્ત થઈને શિનજિયાંગના કેટલાય લાખ ઉઈગર પોતાનો દેશ છોડીને પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાઈ દેશોમાં ચાલ્યા ગયા હતા. તેમાંથી કેટલાય લોકો આજે પણ પોતપોતાની રીતે પોતાના દેશની મુક્તિનું અભિયાન ચલાવી રહ્યા છે. તેમાંથી કેટલાય મુખ્ય ઉઈગર નેતાઓ અને સાગરિતોની હત્યા કરાવવા માટે ચીન સરકાર ઉપરોક્ત આતંકી વડાઓને સીધા મળીને કે પછી પાકિસ્તાની સેના અને આઈએસઆઈના માધ્યમથી આતંકી જૂથોનો ઉપયોગ કરતી આવી છે. સંયુક્ત રાષ્ટ્રમાં આ આતંકી વડાઓને સમર્થન આપવા પાછળ ચીનનું ઉઈગર વિરોધી અભિયાન પણ એક મુખ્ય કારણ છે. તેમાં કેટલાય આતંકવાદી સંગઠન અને વડા એવા પણ છે, જે ચીનના સહયોગથી કાશ્મીરમાં ભારત વિરોધી અભિયાન ચલાવીને પણ બેજિંગ માટે પોતાની ઉપયોગિતા સાબિત કરી ચૂક્યા છે.

દુનિયા આ જોઈને હેરાન છે કે ચીની રાષ્ટ્રપતિ જિનપિંગ જ્યાં અન્ય દેશોની સાથે પોતાના સંબંધોમાં આતંકવાદને એક મુખ્ય મુદ્દો ગણાવે છે, ત્યાં જ સુરક્ષા પરિષદ જેવા નિર્ણાયક મંચનો ઉપયોગ એવા ઘોષિત આતંકીઓને બચાવવા માટે કરી રહ્યું છે. દુનિયા સારી રીતે જોઈ રહી છે કે ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, મ્યાંમાર અને નેપાળ સહિત કેટલાય દેશોમાં આતંકીઓને પૈસા, ટ્રેનિંગ, હથિયાર, સુરક્ષા અને રાજકીય સમર્થન આપવા માટે કુખ્યાત ચીનની સરકારે ૨૦૦૧માં અમેરિકાની ૯/૧૧વાળી આતંકી ઘટના બાદ અચાનક જ ખુદને આતંકવાદ વિરુદ્ધ લડાઈનું નાયક જાહેર કરી દીધું હતું. ચીની નેતાઓ દ્વારા આ રીતે અચાનક મહોરું બદલી નાખવા પાછળ અસલી કારણ એ રહ્યું કે પોતાના બે મુખ્ય ઉપનિવેશો તિબેટ અને શિનજિયાંગમાં ચાલતા મુક્તિ અભિયાનોને બદનામ કરવા માટે તેણે આ મુક્તિ આંદોલન અને તેમના નેતાઓને 'આતંકવાદી' જાહેર કર્યા હતા. જિનપિંગના આ અભિયનમાં આનાથી વધુ હાસ્યાસ્પદ શું હોય કે તેમણે નોબેલ શાંતિ પુરસ્કારથી સન્માનિત તિબેટી નેતા દલાઈ લામાને પણ આતંકવાદી જાહેર કર્યા છે! ત્યાં સુધી કે પાછલાં કેટલાંક વર્ષોમાં તિબેટની અંદર ચીની કુશાસન વિરુદ્ધ વિરોધ વ્યક્ત કરવા માટે આત્મદાહ કરનારા ૧૫૫ તિબેટી યુવાઓને પણ ચીનની કમ્યુનિસ્ટ સરકારે 'આતંકવાદી' જાહેર કર્યા. આ પરિસ્થિતિમાં ન્યૂયોર્કમાં ભારતના સ્થાનિક મિશનના સંયુક્ત સચિવ પ્રકાશ ગુપ્તાની એ ટપ્પણી ચીન અને સંયુક્ત રાષ્ટ્ર બંનેને આઈનો દેખાડવા માટે પૂરતી છે કે, 'જો આપણે કુખ્યાત આતંકીઓને સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક આતંકીઓની યાદીમાં સામેલ નથી કરાવી શકતા તો તે આતંકના પડકારનો સામનો કરવાની ઈચ્છાશક્તિમાં ઉણપ દર્શાવે છે.' એની અવગણના ન કરી શકાય કે ચીને સાજિદ મીરની ઢાલ બનવાનું એવા સમયે પસંદ કર્યું, જ્યારે ભારતીય વડાપ્રધાન અમેરિકાની યાત્રા પર હતા. તેણે અમેરિકા અને ભારતની મિત્રતા આંખમાં ખૂંચે છે. આ કૂટનીતિક દેવાળિયાપણું છે કે તે પોતાની ખીજ કાઢવા માટે આતંકીઓ સાથે ઊભા રહેવાનું પસંદ કરે છે.

# ભારત ૨૦૭૫ સુધીમાં યુએસને પછાડી વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે

## ઝડપથી વધી રહેલી મધ્યમ વર્ગની વસ્તી અને તેની સાથે વધતી માંગ અને વપરાશને લીધે ભારતની અર્થવ્યવસ્થાને લઈને વિશ્વનો દષ્ટિકોણ બદલાઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૧૩

ભારતએ વિશ્વનો એવો દેશ છે જે હાલ ખુબ જ ઝડપથી વિકાસ કરી રહ્યો છે. મોટા ભાગના લોકોનું માનવું છે કે ભારત ટૂંક સમયમાં વિશ્વના ટોપ-૩ શક્તિશાળી દેશોમાં સામેલ થઈ જશે. એવામાં એક રીપોર્ટ સામે આવ્યો છે. વિશ્વની અગ્રણી ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સેશેએ બહાર પાડેલ રીપોર્ટ મુજબ વર્ષ ૨૦૭૫ સુધીમાં ભારતીય અર્થવ્યવસ્થા અમેરિકાને પછાડી દેશે અને વિશ્વની બીજી સૌથી મોટી અર્થાવ્યવસ્થા બની જશે. ભારતની અર્થવ્યવસ્થાને લઈને વિશ્વનો દષ્ટિકોણ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યો છે. આનું




કારણ આપણી ઝડપથી વધી રહેલી મધ્યમ વર્ગની વસ્તી અને તેની સાથે વધતી માંગ અને વપરાશ છે. આજે ભારતની કુલ વસ્તીમાંથી ૩૧ ટકા મધ્યમ વર્ગની છે. વર્ષ ૨૦૩૧ સુધીમાં તે વધીને ૩૮ ટકા થવાનો અંદાજ છે. તે જ સમયે, વર્ષ ૨૦૪૭ સુધીમાં, ભારતીય વસ્તીમાં મધ્યમ વર્ગની વસ્તી ૬૦ ટકા સુધી પહોંચી જશે. જ્યારે ભારત આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે, ત્યારે દેશમાં ૧ અબજથી વધુ લોકો મધ્યમ વર્ગમાં હશે. ભારત તાજેતરમાં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓની યાદીમાં પાંચમા ક્રમે છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા ઈ૨૩.૩ ટ્રિલિયનના GDP સાથે વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે. ચીન ૧૭.૭ ટ્રિલિયન ડોલર સાથે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ત્રીજા નંબર પર જાપાન છે, જેની જીડીપી ૪.૯ ટ્રિલિયન ડોલર છે ત્યારબાદ જર્મની ઈ૪.૩ ટ્રિલિયન સાથે ચોથા નંબર પર આવે છે. જયારે ભારત ૩.૨ ટ્રિલિયન ડોલરના જીડીપી સાથે પાંચમા ક્રમે છે. ગોલ્ડમેન સેશેનું કહેવું છે કે, ૧.૪ અબજની વસ્તી ધરાવતું ભારત જીડીપી ચાર્ટમાં આગળ વધી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં પ્રતિભા, વર્કફોર્સ અને સૌથી વધુ કાર્યકારી વયની વસ્તી અર્થતંત્રને ઝડપથી વિકાસ કરવામાં મદદ કરશે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ભારતની જીડીપી વૃદ્ધિ ૭.૨%હતી.

# જમ્મુ-કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ની નાબૂદી સંદર્ભે ૨ ઓગસ્ટથી સુનાવણી



નવી દિલ્હી, તા.૧૨

સુપ્રીમ કોર્ટે આજે જમ્મુ અને કાશ્મીરમાં આર્ટીકલ ૩૭૦ નાબૂદ કરવા સંબંધિત અરજી અંગેની સુનવણી ૨ ઓગસ્ટથી શરુ થશે તેવો નિર્દેશ આપ્યો હતો. સીજેઆઈએ કહ્યું કે, ૨ ઓગસ્ટથી સુનાવણી આ મામલે સુનાવણી શરુ થશે અને સોમવાર અને શુક્રવાર સિવાય દરરોજ સવારે ૧૦.૩૦ વાગ્યાથી સુનાવણી હાથ ધરવામાં આવશે. ૫ મે, ૨૦૧૯ ના રોજ કેન્દ્રએ જમ્મુ અને કાશ્મીરના અગાઉના રાજ્યનો વિશેષ દરજ્જો રદ કર્યો અને તેને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યો હતો. આજે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડના નેતૃત્વમાં પાંચ જજોની બંધારણીય બેન્ચ સુનાવણી હાથ ધરી હતી. સુનાવણીના એક દિવસ પહેલા કેન્દ્રએ બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવાના બચાવમાં એફિડેવિટ દાખલ કરી હતી. ગઈકાલે કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરના સમગ્ર ક્ષેત્રમાં "અભૂતપૂર્વ" શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ જોવા મળી છે. કેન્દ્રએ કહ્યું કે, આતંકવાદીઓ અને અલગતાવાદી નેટવર્ક દ્વારા આચરવામાં આવતી હિંસા હવે ભૂતકાળની વાત છે.

# ચંદ્રયાન ૨ કરતા સસ્તુ છે ચંદ્રયાન ૩ મિશન, થયો બસ આટલો જ ખર્ચ

(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૧૩

૧૪જુલાઈ, ૨૦૨૩ના રોજ બપોરે ૨:૩૫ વાગ્યે ચંદ્રયાન-૩ લોન્ચ કરવામાં આવશે. આઈ.એસ.આર.ઓ એલ.વી.એમ-3 (ISRO LVM-3) રોકેટ દ્વારા ત્રીજું ચંદ્ર મિશન અવકાશમાં મોકલશે. આ પ્રક્ષેપણ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસસેન્ટરના બીજા લોન્ચ પેડ પરથી કરવામાં આવશે. આ ભારતનું ત્રીજું ચંદ્ર મિશન છે. બીજીવખત ભારત ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરશે સાથે જ ચંદ્રની સપાટી પર પણ રોવર ચલાવી શકે છે. આ પહેલા માત્ર ત્રણ દેશો જ આ સફળતાપૂર્વક કરી શક્યા છે. ચંદ્રયાન-૨ની આંશિક નિષ્ફળતા બાદ આખો દેશ ચંદ્રયાન-૩ની સફળતાની આશા રાખી રહ્યો છે. આ વખતે ચંદ્રયાન-૩માં કોઈ ઓર્બિટર નથી. તેના બદલે તે પ્રોપલ્શન મોડ્યુલ છે. જે કોમ્યુનિકેશન સેટેલાઈટની જેમ કામ કરશે. ઈસરોએ ચંદ્રયાન-૩ના શરૂઆતના બજેટ માટે ૬૦૦ કરોડ રૂપિયાની અપેક્ષા રાખી હતી. પરંતુ આ મિશન ૬૧૫ કરોડ રૂપિયામાં પૂર્ણ થશે. આ તેની છેલ્લી કિંમત છે. પરંતુ મુદ્દો એ છે કે શું આ સૌથી મોંઘુ ચંદ્રયાન મિશન છે? જાણો ચંદ્રયાન-૨ની કિંમત કેટલી હતી? ચંદ્રયાન-૨ની કિંમત હોલીવુડની ફિલ્મો કરતા ઓછી!.. વર્ષ ૨૦૧૯માં રિલીઝ થયેલી ચંદ્રયાન-૨ની કિંમત હોલીવુડની ફિલ્મ અવતાર અને એવેન્જર્સ એન્ડગેમ કરતા ઓછી હતી. વિક્રમ લેન્ડરની હાર્ડ લેન્ડિંગ અને ત્યાર પછીની નિષ્ફળતા છતાં ISRO ચંદ્રની સપાટી પર પહોંચી ગયું હતું. ચંદ્રયાન-૨ના સમગ્ર મિશનનો ખર્ચ ૯૭૮ કરોડ રૂપિયા હતો. જેમાં મિશનનો ખર્ચ ૬૦૩ કરોડ હતો. એવેન્જર્સ એન્ડગેમ ૨૪૪૩ કરોડ રૂપિયામાં બની હતી. જ્યારે અવતાર ૩૨૮૨ કરોડમાં બની હતી. ચીનનું ચાંગ-E 4 મૂન મિશન ૬૯.૩૮ લાખ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ હતો. અમેરિકાએ તેના ચંદ્ર મિશન પર અત્યાર સુધીમાં ૮૨૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. એટલે કે નીલ આર્મસ્ટ્રોંગથી અત્યાર સુધી. બીજી તરફ, રશિયા, જે ભૂતપૂર્વ સોવિયત સંઘ હતું, તેણે પણ તેની શરૂઆતથી ચંદ્ર મિશન પર ૧૬૫ લાખ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કર્યો છે. ના હોય... ચંદ્રયાન-૧ ચીનના મૂન મિશન કરતાં અઢી ગણું સસ્તું હતું... ચંદ્રયાન-૧ ૨૨ ઓક્ટોબર ૨૦૦૮ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. તેમણે ૨૮ ઓગસ્ટ ૨૦૦૯ સુધી કામ કર્યું. ચંદ્ર પર પાણીની શોધ કરી. આ ઈસરોનું બજેટ સ્પેસશીપ હતું. આ મિશનમાં કુલ ૩૮૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જ્યારે તે સમયે ચીનના ચાંગ-E-1ની કિંમત ૧૮૦ મિલિયન ડોલર હતી એટલે કે ચંદ્રયાન-૧ કરતા લગભગ અઢી ગણી વધારે હતી. ચંદ્રયાન-૨ કરતાં ચંદ્રયાન-૩ કેમ સસ્તું છે?... ઈસરોના વૈજ્ઞાનિકોએ ચંદ્રયાન-૩માં ઓર્બિટર બનાવ્યું નથી. અહીં પ્રોપલ્શન મોડ્યુલ પર જઈ રહ્યા છીએ. જે કોમ્યુનિકેશન સેટેલાઈટ જેવું છે. એટલે કે લેન્ડર મોડ્યુલને ચંદ્રની નજીક છોડવાથી તે માત્ર પૃથ્વી અને લેન્ડર વચ્ચેના સંચારમાં મદદ કરશે.

# ભારતમાં લઘુમતીઓ અમેરિકા કરતાં વધુ સુરક્ષિત છે : દેશના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૧૩

દેશના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ અમેરિકાના વોશિંગ્ટનમાં મોટું નિવેદન આપ્યું હતુ તેમણે લઘુમતીઓને પ્રોત્સાહન આપતા કહ્યું હતુ કે ભારતમાં લઘુમતીઓ અમેરિકા કરતાં વધુ સુરક્ષિત છે. કારણ કે ધર્મનિરપેક્ષતા ભારતીયોના લોહીમાં છે. હકીકતમાં, નેશનલ કાઉન્સિલ ઓફ એશિયન ઈન્ડિયન એસોસિએશને ગ્રેટર વોશિંગ્ટન ડીસીમાં વેંકૈયા નાયડુના સન્માનમાં એક કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ જે પ્રસંગે નાયડુએ ભારતીઓને પ્રોત્સાહન આપવા આ વાત કહી હતી. એમ. વેંકૈયા નાયડુએ કહ્યું કે પશ્ચિમી મીડિયાનો એક વર્ગ લઘુમતીઓને લઈને ભારત વિરુદ્ધનું વાતાવરણ ઊભું કરી રહ્યુ છે. ત્યારે તેમણે કહ્યું કે લઘુમતીઓની સુરક્ષાને લઈને ફેલાયેલી ભ્રમણાનો એક ભાગ બની ગયું છે ત્યારે હું દરેકને ખાતરી આપવા માંગુ છું કે ભારતમાં લઘુમતીઓ અમેરિકા કરતા વધુ સુરક્ષિત છે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ નાયડુએ કહ્યું કે જ્યારે આપણે ભારતમાં શું થઈ રહ્યું છે અને અન્ય દેશોમાં શું થઈ રહ્યું છે તેની સરખામણી કરીએ છીએ. પછી તમે જોઈ શકશો કે અન્ય દેશોમાં લોકો સાથે કેવી રીતે ભેદભાવ કરવામાં આવે છે. વેંકૈયા નાયડુએ કહ્યું કે ભારત હંમેશા તેના લઘુમતીઓની સુરક્ષા અને સન્માનનું ધ્યાન રાખવામાં આવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ભય કાયમ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે.

- એમર્સનજ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ વદ-૧૧ કામિકા એકાદશી તા.૧૩ જુલાઈ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૨૪, કૃતિકા નક્ષત્ર, શૂળ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૧૪, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
વૃષભ: પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
મિથુન: આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
કર્ક: ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.
સિંહ: સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.
કન્યા: નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.
તુલા: સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
વૃશ્ચિક: પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
ધન: આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.
મકર: નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.
કુંભ: જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.
મીન: આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

# ભારતમાં ૧૫ વર્ષમાં ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા, યુએનએ પ્રસંશા કરી

## ગ્લોબલ મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સના નવા અપડેટમાં માહિતી સામે આવી, ભારત સહિત ૨૫ દેશોની ૧૫ વર્ષમાં ગરીબી રેખા ઘટાડવામાં મહત્વપૂર્ણ સફળતા

નવી દિલ્હી, તા.૧૩

ભારતમાં ૨૦૦૫ અને ૨૦૦૬ વચ્ચે લગભગ ૬૪.૫ કરોડ લોકો ગરીબ હતા... જોકેઆ આંકડો ઘટીને ૨૦૧૫ અને ૨૦૧૬ વચ્ચે લગભગ ૩૭ કરોડે પહોંચી ગયો છે, જ્યારે ૨૦૧૯ અને ૨૦૨૧ વચ્ચે ૨૩ કરોડ પર આવી ગયોછે. વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારતની પ્રશંસા કરતા સંયુક્ત રાષ્ટ્ર (યુએન)એ આજે જણાવ્યું કે, ભારતમાં ૨૦૦૫-૨૦૦૬થી ૨૦૧૯-૨૦૨૧ સુધીના ૧૫ વર્ષના સમયગાળા દરમિયાન કુલ ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. આ માહિતી ગ્લોબલ મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સના



નવા અપડેટમાં સામે આવી છે. યુએનના આ રિપોર્ટ મુજબ ભારત સહિત ૨૫ દેશોએ ૧૫ વર્ષમાં ગરીબી રેખા ઘટાડવામાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. આ બાબત વિવિધ દેશોની ઝડપી પ્રગતિ દર્શાવે છે. આ યાદીમાં ભારત ઉપરાંત કંબોડિયા, ચીન, કોંગો, હોન્ડુરાસ, ઈન્ડોનેશિયા, મોરોક્કો, સર્બિયા અને વિયેતનામ પણ સામેલ છે. ભારતમાં ૨૦૦૫ અને ૨૦૦૬ વચ્ચે લગભગ ૬૪.૫ કરોડ લોકો ગરીબ હતા રિપોર્ટમાં વધુમાં જણાવાયું કે, સૌથી વધુ ભારતમાં ગરીબી રેખામાં ઘટાડો જોવા મળ્યો છે. ભારતમાં માત્ર ૧૫ વર્ષના સમયગાળાની અંદર ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. રિપોર્ટ પરથી કહી શકાય કે, ગરીબી રેખાને ઘટાડવી સંભવ છે. જો કે, કોવિડ-૧૯ રોગચાળાના સમયગાળા દરમિયાન વ્યાપક ડેટાના અભાવના કારણે મૂલ્યાંકનો મેળવવામાં પડકારોનો સામનો કરવો પડ્યો... ભારતમાં ૨૦૦૫-૨૦૦૬માં ગરીબી રેખાનો દર ૫૫.૧ ટકા હતો, જે ૨૦૧૯થી ૨૦૨૧માં ઘટીને ૧૬.૪ ટકાએ પહોંચી ગયો છે.



ઓફબીટ:- શિસ્ત પ્રમાણે બેઠેલ વાનર

# G20 હેઠળ ગાંધીનગર જુલાઈ મહિનામાં બે ફાઈનાન્સ ટ્રેક મીટિંગનું આયોજન કરશે

ગાંધીનગર તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારતે G20 નું પ્રમુખપદ સંભાળ્યું છે અને વિશ્વને લગતા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વ્યવહારિક ઉકેલો શોધીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ટ્રેડ અને ફાઈનાન્સ, પર્યાવરણ, પ્રવાસન, શહેરી વિકાસ અને અન્ય ઘણા મહત્વના કાર્યક્રમોનું આયોજન કરીને ભારતના G20 પ્રમુખપદની ઉજવણી કરવામાં ગુજરાત મોખરે રહ્યું છે. G20 મેયોરલ સમિટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી, ગુજરાત ફાઈનાન્સ ટ્રેક મીટિંગ્સની ત્રીજી સાયકલની યજમાની કરવા માટે સજ્જ છે. ગાંધીનગર જુલાઈ મહિનામાં બે ફાઈનાન્સ ટ્રેક મીટિંગ્સની યજમાની કરવા માટે તૈયાર છે. આ મીટિંગોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- ૧૪થી ૧૬ જુલાઈ દરમ્યાાન ઉજી ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક ડેપ્યુટીઝ વર્કિંગ ગ્રુપ મીટિંગ
- ૧૭થી ૧૮ જુલાઈ દરમ્યાન્ન ઉજી ફાઈનાન્સ મિનિસ્ટર્સ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની મીટિંગ

વિશ્વભરમાંથી ૩૦૦થી વધુ સહભાગીઓ આ મીટિંગોમાં ભાગ લેવાના છે. આ મહાનુભાવોમાં યુએસએ, ફ્રાન્સ, ચીન, ઈટાલી, યુકે, જર્મની, જાપાન, સાઉદી અરેબિયા, આર્જેન્ટિના, સ્પેન, ઓસ્ટ્રેલિયા, રિપબ્લિક ઓફ કોરિયા જેવા દેશોના ગવર્નરો, ડેપ્યુટી ગવર્નરો, મંત્રીઓ અને વડાઓનો સમાવેશ થાય છે.

ઉજી ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક ડેપ્યુટીઝ વર્કિંગ ગ્રુપ મીટિંગ

ઉજી ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક ડેપ્યુટીઝ વર્કિંગ ગ્રૂપ મીટિંગ ગાંધીનગરમાં ૧૪ જુલાઈ ૨૦૨૩ના રોજ શરૂ થશે. મલ્ટીલેટરલ ડેવલપમેન્ટ બેંકો (MDBs) ને મજબૂત કરવા માટે ૨૨૦ એક્સપર્ટ ગ્રુપના અહેવાલ પર ચર્ચા કરવા માટે G20 રાઉન્ડ ટેબલ યોજવામાં આવશે.

પ્રતિનિધિઓ માટે 'થર્ડ-પાર્ટી રિસ્ક મેનેજમેન્ટ ફ્રેમવર્ક સહિત બિગટેક અને ફિનટેકને લગતા નીતિ વિષયક મુદ્દાઓ' પર ચર્ચાનું પણ સાઈડ ઈવેન્ટ તરીકે આયોજન કરવામાં આવ્યું છે. વર્કિંગ ગ્રૂપ ૧૪મી અને ૧૫મી જુલાઈએ ૨૨૦ ટેબલ માટે રજૂ કરવામાં આવનાર કોમ્યુનિકનો મુસદ્દો તૈયાર કરશે. ત્યારબાદ, ૧૫ જુલાઈના રોજ પ્રતિનિધિઓ સમૃદ્ધ કાર્યક્રમો અને ભોજન દ્વારા ગુજરાતની સંસ્કૃતિ અને વારસાનો અનુભવ કરશે. છેલ્લા દિવસે એટલે કે, ૧૬ જુલાઈના રોજ, વિવિધ વિષયો પર મંત્રી સ્તરની પેનલ ચર્ચાઓ યોજાશે, જેમાં, G20 ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ: લીવરેજિંગ ફંડિંગ એન્ડ ફાઈનાન્સિંગ મિકેનિઝમ્સ એન્ડ એપ્રોચીસ ફોર ધ સિટીઝ ઓફ ટુમોરોઝ તેમજ કરચોરી, ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ સામે લડવા પર G20 હાઈ લેવલ ટેક્સ સિમ્પોઝિયમ જેવા વિષયોનો સમાવેશ થાય છે.

આ દિવસે ડેપ્યુટી લેવલના પાર્ટિસિપન્ટ્સ માટે બે સમાંતર સત્રો પણ આયોજિત કરવામાં આવ્યા છે. તેમાં 'ઈન્ટરલિંકિંગ ફાસ્ટ પેમેન્ટ સિસ્ટમ્સ' પર વર્કશોપનો સમાવેશ થાય છે, અને ત્યારબાદ 'અચિવિંગ ગ્રોથ ફ્રેન્ડલી ક્લાઈમેટ એક્શન એન્ડ ફાઈનાન્સિંગ ફોર ઈમર્જિંગ એન્ડ ડેવલપિંગ ઈકોનોમીઝ' (ઉભરતા અને વિકસતા અર્થતંત્રો માટે વિકાસને સાનુકૂળ ક્લાઈમેટ એક્શન અને ધિરાણ હાંસલ કરવું) વિષય પર એક સત્રનો સમાવેશ થાય છે.

ઉજી નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની મીટિંગ

ફાયનાન્સ ટ્રેક્ના બીજા ભાગમાં ઉજી નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરોની બેઠક યોજાશે, જે ૧૭મી જુલાઈથી ગાંધીનગરમાં શરૂ થશે. ૨૨૦ સભ્ય દેશોમાંથી ભાગ લેનારા નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો માટે અલગ-અલગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મીટિંગો પછી 'ગ્લોબલ ઈકોનોમી એન્ડ ગ્લોબલ હેલ્થ' તેમજ 'સસ્ટેનેબલ ફાઈનાન્સ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' પર સત્રો યોજાશે. ૨૨૦ સભ્યો દ્વારા 'પોલિસી ડાયલોગ્સ: રાઉન્ડટેબલ ડિસ્કશન ઓન ક્રિપ્ટો એસેટ' પર ચર્ચા પણ યોજાશે. ૧૮ જુલાઈના રોજ, 'આંતરરાષ્ટ્રીય નાણાકીય આર્કિટેક્ચર', 'આંતરરાષ્ટ્રીય કરવેરા' અને 'નાણાકીય ક્ષેત્ર અને નાણાકીય સમાવેશ' પર સત્રો યોજાશે. આ ઈવેન્ટ કોમ્યુનિકને અપનાવવા સાથે સમાપ્ત થશે. સમાપન સમારોહ પછી પ્રેસ કોન્ફરન્સ યોજાશે. ૧૯ જુલાઈના રોજ એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે,

# PMJAY-મા યોજના અંતર્ગત રૂા.૧૦ લાખની આરોગ્ય વીમા સહાયનો સમગ્ર રાજ્યમાં પ્રારંભ

## ૧૧મી જુલાઈ ૨૦૨૩થી લાગુ થયેલ રૂા.૧૦ લાખની વીમા સહાય વડે ટ્રાન્સપ્લાન્ટ, ઈમ્પાન્ટ અને અત્યંત ખર્ચાળ સર્જરીની સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ થશે


ગાંધીનગર, તા.૧૩

તા.૧૧ જુલાઈથી સમગ્ર રાજ્યના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશીના સમાચાર આવ્યા છે. હાલ રાજ્યના ૧.૭૯ કરોડ PMJAY-મા કાર્ડ ધારકોને આયુષ્માન કાર્ડ અંતર્ગત મળતી રૂા.પાંચ લાખની આરોગ્ય વીમા કવચની સહાય રૂા.૧૦ લાખ થઈ છે. આજે બજાજ ઈન્સોયરન્સ કંપનીના હોદ્દેદારોએ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ગાંધીનગર સ્થિત કાર્યાલય ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી, જેમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, કમિશનર શાહમીના હુસૈન, એનએચએમના ડાયરેક્ટર ડો.રેમ્યા મોહન અને આયુષ્માન યોજના સાથે સંકળાયેલા ડો.જૈન, ડો.આનંદ સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ શુભેચ્છા મુલાકાત બાદ મંત્રી ઋષિકેશ પટેલે વિધિવત રીતે આયુષ્માન કાર્ડ અંતર્ગત રૂા.૧૦ લાખની વીમા સહાયનો શુભારંભ કરાવ્યો હતો. રૂા.૧૦ લાખની આરોગ્ય વીમા સહાયથી હૃદય, કિડની, લિવર, ગર્ભાશય જેવા ટ્રાન્સપ્લાન્ટની સાથે સાથે કોક્લિયર ઈમ્પાન્ટ સહિતની અન્ય જટીલ પ્રકારની સર્જરીઓ પણ હવેથી આ કાર્ડ અંતર્ગત સરળતાથી મળવાપાત્ર બનશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. અત્યંત જટીલ અને ખર્ચાળ સર્જરીઓનો લાભ આ વીમા સહાયની રકમ વધતા પરિવાજનોને સરળતાથી મળી શકશે, જેના પરિણામે આયુષ્માન કાર્ડધારક પરિવારોની આરોગ્ય સમૃદ્ધિમાં વધારો થશે. બજાજ કંપનીના હોદ્દેદારો, આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે મળેલી બેઠકમાં આગામી બેંક ઈન્ટિગ્રેશન, રિયલ ટાઈમ ડેટા ટ્રેકિંગના મજબૂતીકરણ, એન્ટિ ફ્રોડ એજન્સીની કામગીરીના સુદ્રઢીકરણ, હોસ્પિટલ સંચલાકો માટે નવીન SOP બનાવવી, FAQ (Frequently Ask Questions) તૈયાર કરવાના મુદ્દે વિગતવાર ચર્ચા હાથ ધરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આયુષ્માન કાર્ડ અંતર્ગત હાલ ૨૦૨૭ સરકારી અને ૮૦૩ જેટલી ખાનગી તેમજ ૧૮ કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત આમ કુલ ૨૮૪૮ હોસ્પિટલ એમ્પેનલ છે. આ તમામ એમ્પેનલ હોસ્પિટલમાં કુલ મળીને ૨૪૭૧ જેટલી વિવિધ આરોગ્ય વિષયક પ્રોસિજર, સારવારનો લાભ આયુષ્માન કાર્ડ અંતર્ગત મળશે. અત્રે મહત્ત્વની બાબત એ પણ છે કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૧૨ મુખ્યમંત્રી અમૃતમ (MA) યોજનાની શરૂઆત કરીને રૂા.બે લાખની આરોગ્ય વીમા સહાય આપવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૪માં આ યોજનાનું વિસ્તરણ કરીને મુખ્મમંત્રી અમૃતમ વાત્સલ્ય (મા-વાત્સલ્ય) અંતર્ગત વીમા સહાય રૂા.૩ લાખ કરવામાં આવી. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારમાં PMJAY-મા કાર્ડ યોજના હેઠળ આ આરોગ્ય વીમા સહાય હવે રૂા.૧૦ લાખની થઈ છે.

# 'ગેરકાયદેસર' : સુપ્રીમ કોર્ટે EDના ડિરેક્ટર એસ.કે. મિશ્રાના ત્રીજા કાર્યકાળની મંજૂરી રદ કરી

## સુપ્રીમે સંજય મિશ્રાને ૩૧ જુલાઈ પછી ઈડીના ડિરેક્ટર તરીકે હોદ્દા ઉપર રહેવાની મંજૂરી ન આપતાં કેન્દ્રને આંચકો





નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના ડિરેક્ટર સંજયકુમાર મિશ્રાને ત્રીજો એક્સટેન્શન આપવાના કેન્દ્રના આદેશને રદ કર્યો હતો અને કહ્યું હતું કે, એક્સટેન્શન 'ગેરકાયદેસર' હતું. સર્વોચ્ચ અદાલતે સંજયકુમાર મિશ્રાને ૩૧ જુલાઈ સુધી ઈડીની ઓફિસમાં હાજર થવાનો પણ આદેશ આપ્યો છે. જસ્ટિસ બી.આર. ગવઈ, વિક્રમનાથ અને સંજય કરોલની બેન્ચે જણાવ્યું હતું કે, આ વર્ષે ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા હાથ ધરવામાં આવેલી પીઅર સમીક્ષાને ધ્યાનમાં રાખીને અને સરળ સંક્રમણને સક્ષમ કરવા માટે એસ.કે. મિશ્રાનો કાર્યકાળ ૩૧ જુલાઈ સુધી રહેશે. 'FATF પીઅર સમીક્ષાને ધ્યાનમાં રાખીને અને સરળ સંક્રમણને સક્ષમ કરવા માટે ઈડી ડિરેક્ટર સંજયકુમાર મિશ્રાનો કાર્યકાળ ૩૧ જુલાઈ, ૨૦૨૩ સુધી રહેશે' તેમ સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું. અન્યથા ૧૯૮૪ બેચના આઈઆરએસ અધિકારી એસ.કે. મિશ્રા, સરકાર દ્વારા જારી કરાયેલી સૂચના અનુસાર, ૧૮ નવેમ્બર, ૨૦૨૩ સુધી પદ ઉપર રહેવાના હતા. સુપ્રીમ કોર્ટે, જો કે, DSPE અને CVC એક્ટમાં સુધારાની પણ પુષ્ટિ કરી હતી અને કેન્દ્રને CBI વડા અને ઈડી ડિરેક્ટરના કાર્યકાળને તેમની ફરજિયાત બે વર્ષની મુદત કરતાં વધુ ૩ વર્ષ સુધી લંબાવવાની સત્તા આપી હતી. ૮ મેના રોજ સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના વડાને આપવામાં આવેલી સેવાના ત્રીજા વિસ્તરણને પડકારતી અરજીઓના જૂથ ઉપર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. કેન્દ્રએ તેના નિર્ણયના આધાર તરીકે FATF દ્વારા હાથ ધરવામાં આવેલી ચાલુ પીઅર સમીક્ષાને ટાંકીને વિસ્તરણનો બચાવ કર્યો. ગયા વર્ષે ડિસેમ્બરમાં સુપ્રીમ કોર્ટે ઈડી ડિરેક્ટર તરીકે એસ.કે. મિશ્રાને આપવામાં આવેલા ત્રીજા વિસ્તરણને પડકારતી અરજી ઉપર કેન્દ્ર સરકારનો જવાબ માંગ્યો હતો. તેણે જયા ઠાકુરની અરજી ઉપર યુનિયન ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ વિજિલન્સ કમિશન અને ઈડી ડિરેક્ટરને નોટિસ જારી કરી હતી જેમાં કેન્દ્ર સરકાર ઉપર તેના રાજકીય વિરોધીઓ સામે અમલીકરણ એજન્સીઓનો દુરૂપયોગ કરીને લોકશાહીના મૂળભૂત માળખાને નષ્ટ કરવાનો આરોપ લગાવ્યો હતો.

# ગ્રાન્ટેડ સ્કૂલોમાં પણ ખેલ સહાયકની નિમણૂંક કરવા માંગણી

અમદાવાદ, તા.૧૩

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ખેલ સહાયક યોજના અમલમાં મૂકવાની જાહેરાત કરી છે પરંતુ તેમાં ગ્રાન્ટેડ સ્કૂલોને બાકાત રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે. ગ્રાન્ટેડ સ્કૂલોમાં ૨૦૦૯થી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવી નહોવાથી પાંચ હજાર જેટલી સ્કૂલોમાં ગ્રાન્ટેડ શિક્ષકોની જગ્યા ખાલી છે, જેથી ગ્રાન્ટેડ સ્કૂલોને પણ ખેલ સહાયક ફાળવવામાં આવે તે માટે સંચાલક મંડળ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી સ્કૂલોમાં ખેલ સહાયક આપવા માટેનો નિર્ણય લીધો છે અને તે અંગે સત્તાવાર ઠરાવ પણ બહાર પાડી દીધો છે. જો કે, આ ઠરાવમાં માત્ર સરકારી સ્કૂલોમાં જ ૫૦૭૫ જેટલા ખેલ સહાયક આપવાની જાહેરાત કરાઈ છે, ગ્રાન્ટેડ સ્કૂલોને ખેલ સહાયક આપવામાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આ અંગે સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા ઠરાવ અનુસાર ૩૦૦ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી મોટી શાળામાં શાળાદીઠ ૧ ખેલ સહાયક કરાર આધારિત કામગીરી સોંપવામાં આવનાર છે. રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની તુલનામાં ગ્રાન્ટેડ શાળાઓની સંખ્યા વધુ છે એટલું જ નહીં ૩૦૦ કે વધુ વિદ્યાર્થી ધરાવતી મોટી શાળાઓ રાજયમાં કાર્યરત છે, જેથી રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોમાં પણ ખેલ સહાયક યોજના અમલમાં મૂકવી જોઈએ તેવી માગણી કરી છે. રાજયની ગ્રાન્ટેડ સ્કૂલોમાં વ્યાયામ શિક્ષકોની ૨૦૦૯થી ભરતી કરવામા આવી નથી, જેના પગલે રાજયની મોટાભાગની ગ્રાન્ટેડ સ્કૂલોમાં વ્યાયામ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. હાલની સ્થિતિમાં રાજયની પાંચ હજાર જેટલી ગ્રાન્ટેડ સ્કૂલોમાં વ્યાયાય શિક્ષકોની જગ્યા ખાલી પડી છે.

# 'શીખ મર્યાદાને દુન્યવી કાયદાઓની કસોટી ઉપર લઈ શકાય નહીં' સમાન નાગરિક સંહિતાની હિલચાલ અંગે SGPCના પ્રમુખ

અમૃતસર, તા. ૧૩

"સમાન નાગરિક સંહિતાના વિચાર"ને બિનજરૂરી ગણાવતા શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિએ શનિવારે વિરોધ કર્યો હતો કે તેના અમલીકરણથી દેશમાં લઘુમતી સમુદાયોની અલગ ઓળખને નુકસાન થશે. એસજીપીસીના પ્રમુખ હરજિન્દર સિંહ ધામીએ જણાવ્યું હતું કે, "દેશમાં યુસીસીની કોઈ જરૂર નથી કારણ કે બંધારણ વિવિધતામાં એકતાના સિદ્ધાંતને માન્યતા આપે છે. યુસીસીને લઈને લઘુમતીઓમાં એવી આશંકા છે કે તે તેમની વિશિષ્ટ ઓળખ અને ધાર્મિક સિદ્ધાંતોને નુકસાન પહોંચાડશે." તેઓ સર્વોચ્ચ ગુરુદ્વારા સંસ્થાની કાર્યકારી સમિતિની બેઠક બાદ મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. એસજીપીસીએ યુસીસી પર શીખ બૌદ્ધિકો, ઈતિહાસકારો, વિદ્વાનો અને વકીલોની પેટા સમિતિની રચના કરી છે અને તેણે પ્રારંભિક સમીક્ષા પછી યુનિફોર્મ કોડને નામંજૂર કર્યો છે. આ પેટા સમિતિમાં એસજીપીસી મહાસચિવ ગુરચરણ સિંહ ગ્રેવાલ, વરિષ્ઠ વકીલ પુરણ સિંહ હુંદલ, એસજીપીસીના સભ્યો ભગવંત સિંહ સિયાલકા, પરમજીત કૌર લેન્ડરાન, અને કિરણજોત કૌર, પ્રો. કાશ્મીર સિંહ, ડૉ. ઈન્દ્રજીત સિંહ ગોગોઆની, ડૉ પરમવીર સિંહ અને ડૉ. ચમકૌર સિંહનો સમાવેશ થાય છે. ધામીએ કહ્યું કે એસજીપીસી કાર્યકારી બેઠકમાં યુસીસી સામે વિરોધ વ્યક્ત કર્યો છે. ધામીએ કહ્યું કે, "બની બના (ગુરબાની અને પરંપરાગત શીખ પોશાક), બોલ બાલે (શબ્દો અથવા વિચારો જે ઉત્કૃષ્ટ અથવા સર્વોચ્ચ તેમજ ઉચ્ચ અને સાચા હોય), સિદ્ધાંતો, પરંપરાઓ, મૂલ્યો, જીવનશૈલી, સંસ્કૃતિ, સ્વતંત્ર અસ્તિત્વ અને શીખોના વિશિષ્ટ અસ્તિત્વને કોઈપણ પડકારને ક્યારેય સ્વીકારી શકાતી નથી અને શીખ મર્યાદા (આચારસંહિતા)ને દુન્યવી કાયદા દ્વારા ચકાસી શકાતી નથી. તેથી શીખ સમુદાય યુસીસીનો વિરોધ કરે છે." તેમણે કહ્યું કે ૨૧મા કાયદા પંચે પણ યુસીસીને ન તો ઈચ્છનીય કે શક્ય ન ગણાવીને નકારી કાઢ્યું હતું.

# ઓડિશા ટીવીએ રાજ્યની પ્રથમ AI ન્યૂઝ એન્કર લોન્ચ કરી



ભુવનેશ્વર, તા.૧૩

એક લોકપ્રિય ઓડિયા ન્યૂઝ નેટવર્ક ઓડિશા ટેલિવિઝન લિમિટેડ (OTC)એ રવિવારે રાજ્યની પ્રથમ AI ન્યૂઝ એન્કર લોન્ચ કરીને તેમની સર્વિસ આઉટપુટ વધારવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરતી કંપનીઓની સૂચિમાં જોડાઈ છે. એઆઈ-સંચાલિત ન્યૂઝ એન્કર લિસા નામની બોટ છે જે આ મહિનાથી ચેનલ માટે સમાચાર અપડેટ્સ રજૂ કરે તેવી અપેક્ષા છે. મીડિયા હાઉસ દ્વારા મુંબઈ સ્થિત સ્ટાર્ટઅપ સાથે મળીને વિકસાવવામાં આવેલ લિસા બહુવિધ ભાષાઓમાં બોલવાની ક્ષમતા ધરાવે છે. જો કે, તે સમય માટે ટીવી નેટવર્કની ચેનલ અને ડિજિટલ પ્લેટફોર્મ માટે ઓડિયા અને અંગ્રેજીમાં સમાચાર રજૂ કરશે. AI બોટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેમ કે Instagram અને Facebook ઉપર પણ સક્રિય રહેશે. "એઆઈ એન્કર એ ટેલિવિઝન પત્રકારત્વ માટે ઓટીવીની ભેટ છે. તે ફ્રી-ટુ-એર પ્રાદેશિક ટેલિવિઝન બ્રોડકાસ્ટિંગ એરેનામાં પ્રથમ AI એન્કર છે અને પ્રથમ ઓડિયા ન્યૂઝ એન્કર પણ છે, તેમ ઓટીવીના એમડી જગી મંગત પાંડાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, "એઆઈ પુનરાવર્તિત અને વધુ ડેટા વિશ્લેષણાત્મક હોય તેવી નોકરીઓ કરવામાં અમારી મદદ કરવામાં એક મહાન ભાગીદાર બનશે. તેને અમે સમાચાર લોકોને નવા એંગલ લાવવા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા અને લોકોને વધુ સારી ગુણવત્તામાં સમાચાર રજૂ કરવા માટે વધુ સર્જનાત્મક કાર્ય કરવાની મંજૂરી આપીશું," તેમ તેમણે કહ્યું હતું.

# દેશમાંથી થતી કુલ નિકાસમાં ગુજરાતની હિસ્સેદારી છેલ્લા ત્રણ વર્ષથી ટોચ ઉપર

## ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ગુજરાતમાંથી રૂા.૮૪,૫૦૦ કરોડની નિકાસ કરવામાં આવી, હિસ્સો ૨૯.૬૮ ટકા, ગુજરાતમાંથી નિકાસ કરતા જિલ્લામાં અમદાવાદ પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા.૧૩

દેશમાંથી થતી નિકાસમાં ગુજરાતનો હિસ્સો ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ૨૯.૬૮ ટકાએ પહોંચી ગયો છે. ચાલુ નાણાકીય વર્ષમાં આજ સુધીમાં ગુજરાતમાંથી રૂા.૮૪,૫૦૦ કરોડની નિકાસ કરવામાં આવી છે. વિદેશમાં થતી નિકાસમાં ગુજરાતનો આ આંકડો સૌથી વધુ છે, તો બીજી અમદાવાદથી ભરૂચ સુધી ઈન્ડસ્ટ્રીઝનો એક આખો પટ્ટો ધરાવતા વડોદરામાંથી છેલ્લા ત્રણ વર્ષમાં રૂા.૬૯,૮૪૨ કરોડની નિકાસ થવા પામી છે. S-20 અંતર્ગત એકતાનગર ખાતે ચાલી રહેલી ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રુપની બેઠકમાં સભ્ય દેશો વચ્ચે આ વિષય ઉપર સંભાવના અને તકો ઉપર મંથન કરવામાં આવી રહ્યું છે. ત્યારે કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ ગુજરાતનું મસ્તક ગૌરવ સાથે ઊંચું કરે એવા છે. આ આંકડાઓ દર્શાવે છે કે, નિકાસ કરવામાં ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી સતત ટોપ ઉપર છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતમાંથી કુલ રૂા.૯,૪૫,૭૯૬ કરોડની નિકાસ થઈ હતી. આ નિકાસ દેશની કુલ નિકાસના ૩૦.૦૫ ટકા હતી. એ વર્ષમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૧૭.૩૨ ટકા હતો અને ત્રીજા ક્રમે ૮.૩૪ ટકા સાથે તમિલનાડુ રહ્યું છે. એ પછીના વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતની કુલ નિકાસમાં ૩ ટકાથી માતબર વૃદ્ધિ નોંધાઈ હતી, તે વર્ષમાં ગુજરાત રૂા.૧૨,૦૦,૦૦૧ કરોડ મૂલ્ય ધરાવતી વસ્તુઓની નિકાસ કરવામાં આવી હતી. જે દેશની કુલ નિકાસના ૩૩.૧૪ ટકા હિસ્સો ધરાવે છે. આ નાણાકીય વર્ષ દરમ્યાન પણ મહારાષ્ટ્ર ૧૬ ટકા સાથે બીજા રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષના અત્યાર સુધીમાં રૂા.૮૪,૫૦૦ કરોડની નિકાસ થઈ છે. આ આંકડો પણ દેશના તમામ રાજ્યો પૈકી સૌથી વધારે છે. ગુજરાતમાંથી નિકાસ કરતા જિલ્લાઓમાં અમદાવાદનો ક્રમ પ્રથમ છે. ચાલુ વર્ષમાં અમદાવાદમાંથી રૂા.૭૬૨૦ કરોડની નિકાસ થઈ છે. દવાઓ, મશીનરી, સ્માર્ટસ ફોન, આભૂષણો, ચોખા, કપાસ અને કાપડ સહિતની વસ્તુઓની અધિકત્તમ નિકાસ અમદાવાદથી થઈ છે. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રોજગારીના સર્જન માટે ઔદ્યોગિક વિકાસ માટે પ્રશસ્ત કરેલા માર્ગ ઉપર ચાલતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની નીતિ, સેક્ટરવાઈઝ પોલિસી અને કેન્દ્ર સરકારની નિકાસ પ્રોત્સાહક યોજનાઓનું પરિણામ આ આંકડાઓ દર્શાવે છે. ગુજરાતમાં નિકાસને વેગ મળવા પાછળ જરૂરી સુવિધાઓની ઉપલબ્ધી તો છે જ, તેના સાથે ગુજરાત ઈઝ ઓફ લોજિસ્ટિક, લીડ ઈન્ડેક્સ અને કાર્ગો હેન્ડલિંગમાં શીર્ષ રાજ્ય છે. વડોદરા પણ નિકાસની બાબતોમાં ઉભરી રહ્યું છે અને અહીંથી અનેક વસ્તુઓની વિદેશમાં નિકાસ કરવામાં આવે છે, આ નિકાસથી વિદેશી હુંડિયામણ રળી આપવામાં વડોદરા પણ આગે કદમ છે. છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ (ચાલુ) દરમ્યાન વડોદરામાંથી થયેલી નિકાસનું મૂલ્ય અનુક્રમે જોઈએ તો રૂા.૩૧,૨૪૮ કરોડ, રૂા.૩૫,૭૮૫ કરોડ અને રૂા.૨૮૦૮ કરોડ છે, આમ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા.૬૯,૮૪૨ કરોડની નિકાસ થઈ છે. વડોદરામાંથી મહત્તમ કેમિકલ, દવાઓ, મશીન અને તેના પાર્ટ્સ, સ્માર્ટસ ફોન સહિતની વસ્તુઓ અને કોમોડિટીની નિકાસ થાય છે.

# RTI હેઠળ આવકના ખોટા પુરાવા રજૂ કર્યા હશે તો શાળા પ્રવેશ રદ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં સામાન્ય વર્ગના બાળકોને લાભદાયી થાય તેના માટે રાઈટ ટુ એજ્યુકેશન એડમિશન યોજના શરૂ કરવામાં આવી છે પરંતુ તેમાં પણ મોટાપાયે ગેરરીતિ હોવાની ફરિયાદ સામે આવતાં રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે, જેમાં હવે સરકાર કડક હાથે કાર્યવાહી કરવાના મૂડમાં છે, તેથી ખોટા એડમિશન હાંસલ કરનારા વાલીઓ સામે શિક્ષણ વિભાગ પગલાં લેશે. આ માટે ખોટી રીતે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ લીધેલા એડમિશનની તપાસ થશે. તમામ એડમિશનમાં પાનકાર્ડ સહિત આઈટી રિટર્નની વિગતોને ચકાસવામાં આવશે. તેમજ ખોટી આવક દર્શાવીને ગેરકાયદેસર રીતે એડમિશન હાંસલ કરનારા એડમિશન પણ રદ કરાશે. આ ઉપરાંત ખોટી આવક દર્શાવીને સરકારી ડોક્યુમેન્ટ સાથે છેડછાડ કરનારા વાલીઓ સામે પોલીસ ફરિયાદ પણ થઈ શકે છે. હાલમાં રાઈટ ટુ એજ્યુકેશનમાં એડમિશન અપાવવા માટે એજન્ટ્સ સક્રિય થયા હોવાની માહિતી સામે આવી હતી. રાઈટ ટુ એજ્યુકેશનમાં એડમિશનનમાં મોટાપાયે કૌભાંડો થઈ રહ્યા છે. આ યોજના હકીકતમાં પછાત અને ગરીબ વર્ગના બાળકોને મફત શિક્ષણ આપવા માટેની છે. પરંતું હવે ધનવાન પરિવારના વાલીઓ પોતાના સંતાનોને આ રીતે એડમિશન અપાવી રહ્યા છે. અમીર પરિવારો તેનો લાભ લઈ રહ્યા હોય તેવી પણ વિગતો સામે આવી છે. રાઈટ ટુ એજ્યુકેશન એટલે કે શિક્ષણના અધિકાર હેઠળ બાળકને શાળામાં પ્રવેશ અપાવવામાં પણ એજન્ટ રાજ વ્યાપી ચૂક્યું છે. RTEમાં એડમિશન અપાવવાના નામે એજન્ટો સક્રિય થયા છે. RTE CAFE નામની આ વેબસાઈટ તેનો પુરાવો છે. પરંતુ RTE પ્રવેશ માટે એજન્ટ દેખાય તો DEOને ફરિયાદ કરી શકાશે. કોઈની સાથે નાણાંની લેવડ-દેવડ ન કરવા શિક્ષણ વિભાગે અપીલ કરી છે. મનગમતી સ્કૂલમાં પ્રવેશ માટે રૂપિયા આપવાની કોઈ જરૂર નથી તેવુ પણ કહ્યું હતું. હેલ્પલાઈન નં.૭૦૪૬૦- ૨૧૦૨૨ પર તાત્કાલિક ફરિયાદ કરી શકાશે. આરટીઈમાં પ્રવેશ અપાવતી નકલી વેબસાઈટ વાલીઓ તેમના બાળકોનું RTE હેઠળ એડમિશન અપાવવાની લાલચ આપે છે.

# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટના નવા કાર્યાલયનું ભૂમિપૂજન કર્યું

**CAG ગિરીશ ચંદ્ર મુર્મૂની પ્રેરક ઉપસ્થિતિ ગુજરાતે સુદૃઢ નાણાકીય વ્યવસ્થાપનથી પ્રજાના નાણાંનો વિકાસકામો માટે સુચારૂ ઉપયોગ કર્યો છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ IAAD કચેરી ગાંધીનગર ખાતે સ્થળાંતર થતાં રાજ્ય સરકારના વિભાગો અને AG વચ્ચે સંવાદ-સંકલન વધશે અને સમય-નાણાની બચત થશેઃ ઝછ૭ ગિરીશ ચંદ્ર મુર્મૂ ૧૭૮૬૦ ચો. મી.માં નિર્માણ થનારૂ નવું ભવન અત્યાધુનિક સુવિધાઓ સાથેનું પર્યાવરણને અનુકૂળ ગ્રીન બિલ્ડિંગ હશે**



ગાંધીનગર, તા.૧૩ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટના નવા કાર્યાલયનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ઝછ૭ અને સરકાર સામસામે હોવાની વર્ષો જૂની માન્યતા બદલીને ઝછ૭ સરકાર સાથે સાથે રહે તેમજ ઝછ૭ના સૂચનોને પોઝિટિવ એપ્રોચથી સ્વીકારવાની કાર્યપ્રથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે અપનાવી છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારથી કેગ દ્વારા કરવામાં આવતાં ઓડિટના સૂચનને હંમેશા હકારાત્મક રીતે લીધા છે. એટલું જ નહિ, સુદૃઢ નાણાંકીય વ્યવસ્થાપનથી પ્રજાના નાણાનો વિકાસકામો માટે સુચારું ઉપયોગ કર્યો છે. તેના પરિણામે આજે ગુજરાતે તમામ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. વર્ષ ૧૯૯૫માં રાજ્યનું બજેટ માત્ર ૧૨ હજાર કરોડ રૂપિયા હતું તે વધીને આ વર્ષે ૩ લાખ કરોડથી પણ વધુનું થયું છે, જે રાજ્યના નાણાંકીય વ્યવસ્થાપન અને કરકસરપૂર્વકના વહીવટની સાબિતી છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગત એપ્રિલમાં ૧.૮૭ લાખ કરોડનું રેકોર્ડબ્રેક જીએસટી કલેક્શન સૂચવે છે કે દેશના દરેક ક્ષેત્રમાં ધંધા રોજગારનું પ્રમાણ સારું છે. ઉદ્યોગ-વ્યવસાય માટે જરૂરી એવી વીજળી, પાણી અને તમામ પ્રકારની કનેક્ટિવિટી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

તાજેતરના ભારત સરકારના એક અહેવાલ મુજબ ગુજરાત સૌથી વધુ રોજગારી પૂરું પાડતું રાજ્ય છે. રાજ્ય સરકાર દ્વારા યોજાતી વાયબ્રન્ટ ગુજરાત સમિટે દેશ અને દુનિયાને ઉદ્યોગ-ધંધા માટે સક્ષમ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે દુનિયાનો દરેક દેશ ભારત સાથે બિઝનેસ કરવા ઈચ્છે છે



અને એમાંય ગુજરાત ઉદ્યોગ-વ્યવસાય માટે મોસ્ટ ફેવર્ડ ડેસ્ટિનેશન રહ્યું છે એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ અત્યાર સુધી અમદાવાદ અને રાજકોટ એમ બે સ્થળે કાર્યરત છર ઓફિસ હવે પાટનગર ગાંધીનગરમાં આવનારા દિવસોમાં કાર્યરત થશે. તેથી પરસ્પર સંકલન વધુ સક્ષમ-ઝડપી બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક ગિરીશ ચંદ્ર મુર્મૂએ પ્રસંગોચિત ઉદબોધનમાં કહ્યું કે, ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટની કચેરીનું ગાંધીનગર ખાતે સ્થળાંતર થવાથી રાજ્ય સરકાર અને વિભાગ વચ્ચે સંવાદ-સંકલન વધશે અને સમય-નાણાની બચત થશે. તેમજ રાજ્ય સરકાર અને વિભાગ વચ્ચે સમયસર જવાબ રજૂ કરવા અને ચર્ચા કરવા માટે સમય ઘટશે. આથી ઓડિટ સંબંધિત અગાઉના પડતર પ્રશ્નોનું પણ વહેલી તકે નિરાકરણ આવશે. તેમજ પરસ્પર પત્ર-વ્યવહાર અને તાલમેલ અંગેની કઠણાઈ ઘટશે તથા અધિકારીઓના સમય, ઊર્જા અને પ્રવાસ ખર્ચમાં પણ બચત થશે.

ગિરીશ ચંદ્ર મુર્મૂએ વધુમાં કહ્યું હતું કે, નિર્માણ થનારું નવું ભવન અત્યાધુનિક સુવિધાઓ સાથેનું પર્યાવરણને અનુકૂળ ગ્રીન બિલ્ડિંગ હશે. આ કાર્યાલય રાજ્ય સરકારના લગભગ ૫૦ હજાર જેટલા કર્મચારીઓનું પીએફ પણ સંભાળે છે અને સરકારી તિજોરીનું વાર્ષિક નિરીક્ષણ પણ કરે છે. ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટના નવા કાર્યાલયના બાંધકામ માટે રાજ્ય સરકાર દ્વારા ૧૭૮૬૦ ચોરસ મીટર જમીન આપવા બદલ મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય રીટા પટેલ, ગાંધીનગર શહેરના મેયર હિતેશ મકવાણા, મુખ્ય સચિવ રાજકુમાર તથા એકાઉન્ટન્ટ જનરલ વિજય કોઠારી તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# માર્ગ - મકાન વિભાગની કામગીરી વધુ અસરકારક - સમયબદ્ધ તથા ગુણવત્તાયુક્ત બનાવવા શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ નિર્ણયો કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

● કામોના મોનિટરીંગને અસરકારક કરવા સુપરવિઝન-દેખરેખ માટે વરિષ્ઠ અધિકારીઓના કાર્યક્ષેત્રની વધુ યોગ્ય વહેંચણી-રેશનલાઈઝેશન ઓફ રિજીયન કરતાં મુખ્યમંત્રી

● મુખ્ય ઈજનેર સ્ટેટ અને મુખ્ય ઈજનેર પંચાયતનાં સ્થાને ત્રણ રીજીયન વાઈઝ જગ્યાઓ રીસ્ટ્રક્ચર કરાશે.

● સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત એમ ત્રણ રીજીયનનાં મુખ્ય ઈજનેરોએ તેમનાં રીજીયનની પંચાયત અને રાજ્ય બેય રસ્તાઓની કામગીરી સંભાળવાની રહેશે.

● અઠવાડીયામાં ઓછામાં ઓછા બે દિવસ ગુણવત્તાને પ્રાધાન્ય આપતા કામોની વિઝીટ કરવાની થશે.

● નેશનલ હાઈવેની કામગીરીને પણ ઉત્તર અને દક્ષિણ બે અનુભાગોમાં વહેંચવાનો નિર્ણય.

● કોન્ટ્રાક્ટર અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની કામગીરીનો વાર્ષિક રીવ્યુ કરાશે.

● જો કામગીરી યોગ્ય નહી હોય તો નિયમાનુસારની કાર્યવાહી ઝડપી-અસરકારક અને સમયસર કરવા મુખ્યમંત્રીની સૂચના.

● રાજ્યમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુરૂ પાડીને ઈઝ ઓફ લિવીંગ વધારવાની નેમ.

ગાંધીનગર,તા.૧૩ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યનાં સર્વગ્રાહી વિકાસની ધોરી નસ સમાન માર્ગ-મકાન વિભાગની કામગીરીને વધુ વ્યાપક, અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવવાની પહેલ રૂપે શ્રેણીબદ્ધ મહત્વના નિર્ણયોં કર્યા છે.ગુજરાતે વેપાર ઉદ્યોગ ક્ષેત્રે દેશ વિદેશમાંથી મૂડી રોકાણો મેળવીને ઉદ્યોગ ક્ષેત્રે અપ્રતિમ પ્રગતિ હાંસલ કરી છે. એટલું જ નહી કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતનાં ક્ષેત્રોમાં પણ ગુજરાત વિકાસનુ રોલ મોડલ બન્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં રાજ્યમાં યાતાયાત-વાહન વ્યવહાર માટે ઉદ્યોગો, નાગરિકો અને પ્રજા વર્ગોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુરૂ પાડીને ઈઝ ઓફ લિવીંગ વધારવાની નેમ રાખી છે. મુખ્યમંત્રીએ આ હેતુસર રાજ્ય સરકારનાં માર્ગ અને મકાન વિભાગના ઉચ્ચ કક્ષાના અધિકારીઓની કામગીરી વધુ ઈફેકટીવ, ટાઈમલી અને ક્વોલીટેટીવ બનાવવા અધિકારીઓનાં કાર્યક્ષેત્રની વધુ યોગ્ય વહેંચણી એટલે કે રેશનલાઈઝેશન ઓફ રીજીયનને ધ્યાનમાં લઈને કામગીરીમાં સુચક ફેરફાર કરવાનાં શ્રેણીબદ્ધ નિર્ણયો કર્યા છે.

રાજ્યમાં માર્ગોનાં વધુ અસરકારક મોનીટરીંગ અને સુપરવિઝન માટે મુખ્ય ઈજનેર સ્ટેટ અને મુખ્ય ઈજનેર પંચાયત એમ હાલની બે જગ્યાઓને બદલે મુખ્ય ઈજનેર ઉત્તર ગુજરાત, મુખ્ય ઈજનેર દક્ષિણ ગુજરાત અને મુખ્ય ઈજનેર સૌરાષ્ટ્રની જગ્યા રીઓર્ગેનાઈઝ અને રિસ્ટ્રક્ચર કરવામાં આવી છે. આ મુખ્ય ઈજનેરો તેમના વિસ્તારના રાજ્ય તથા પંચાયતના એમ બંને રસ્તાઓની કામગીરી સંભાળશે તેમજ તેઓના વિસ્તારની કામગીરીની ગુણવત્તા અંગે જવાબદાર રહેશે. એટલું જ નહી મુખ્ય ઈજનેરોએ દર અઠવાડિયે ઓછામાં ઓછા બે દિવસ ગુણવત્તાને પ્રાધાન્ય આપતા કામોની વિઝીટ કરવાની રહેશે. રાષ્ટ્રીય ધોરીમાર્ગની કામગીરીમાં સતત વધારો થવાનાં પરિણામે રાષ્ટ્રીય ધોરીમાર્ગની કામગીરીની પણ ઉત્તર અને દક્ષિણ એમ બે અનુભાગમાં વહેંચણી કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ માર્ગોનાં કામોની ગુણવત્તા વધારવા સંદર્ભે મુખ્ય ઈજનેર ગુણવત્તા નિયમનનું તંત્ર વધુ સુદ્રઢ બનાવવાનાં હેતુથી દક્ષિણ ગુજરાતના ગુણવત્તા અંગેનું ટેકનિકલ ઓડિટ તથા ચકાસણી અન્ય મુખ્ય ઈજનેરને સોંપવા માટે પણ નિર્ણય કર્યો છે. આવતા થોડા સમયમાં ટેકનિકલ ઓડિટમાં રાજ્યની ઈજનેરી કોલેજોના નિષ્ણાતોને પણ કેવી રીતે સમાવેશ કરી શકાય, તે ચકાસણી કરીને અહેવાલ રજૂ કરવા તેમણે વહીવટી પાંખને સૂચના આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવા દિશા નિર્દેશો આપ્યા છે કે, કોન્ટ્રાક્ટર અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સીની કામગીરી અંગે સતત રેકોર્ડ રાખવામાં આવશે તેમજ કામગીરીનો વાર્ષિક રિવ્યુ કરીને યોગ્ય કામગીરી ન થઈ હોય તેવા કિસ્સામાં નિયમાનુસારની કાર્યવાહી ઝડપથી, અસરકારક અને સમયસર હાથ ધરાશે.

માર્ગ અને મકાન વિભાગની અંદાજપત્રીય જોગવાઈઓમાં જે નોંધપાત્ર વધારો થયો છે તેનાં પરિણામે માર્ગ અને મકાન વિભાગની કામગીરીમાં પણ અત્યંત વધારો થયો છે અને બીજા વિભાગોની બાંધકામની જોગવાઈઓમાં પણ વધારો થયો હોવાનાં કારણે માર્ગ અને મકાન વિભાગની કામગીરી વધુ વ્યાપક સ્તરે વિસ્તરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વયં માર્ગ અને મકાન વિભાગનો હવાલો સંભાળી રહ્યાં છે ત્યારે આ વિભાગની કામગીરી વધુ અસરકારક, ખાસ કરીને ગુણવત્તા નિયમન સાથે સમયબધ્ધ ધોરણે પૂર્ણ થાય તેવો અભિગમ તેમણે અપનાવ્યો છે. તદઅનુસાર માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેરોને સોંપેલ કામગીરી અસરકારક, સમયબધ્ધ અને ગુણવત્તાયુક્ત થઈ શકે તે માટે કાર્યક્ષેત્રની વધુ યોગ્ય વહેંચણી (Rationalization of Region) ની જરૂરીયાત ધ્યાને લેતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

# આત્મહત્યા કરવા જતી યુવતીનો જીવ બચાવી તેમના પરીવાર સાથે મીલન કરાતી પ્રભાસ પાટણ પોલીસ



પ્રભાસ પાટણ, તા.૧૩ જૂનાગઢ રેન્જના આઈજીપી મયંકસિંહ ચાવડા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધીક્ષક વી.આર. ખેંગારના માર્ગદર્શન મુજબ પ્રભાસ પાટણ પો.ઈન્સ. એ.એમ. મકવાણા, એએસઆઈ હિરેનભાઈ રામસિંગભઈ તથ વૃ.પો.કોન્સે. રવિનાબેન ભાણાભાઈ તથા ડ્ર.હે.કો. ભીખાભાઈ કારાભાઈએ રીતેના પી.સીઆર. વાહનમાં પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પ્રજાપતી ધર્મશાળા આગળ પહોંચતા એક યુવતી દુઃખી હાલતમાં રડતી રોડ ઉપર દોડતી ત્રીવેણી ઘાટ લેન્ડીંગ પોઈન્ટ તરફ જતી હોય જે પીસીઅર ઈન્ચાર્જ એએસઆઈ હિરેનભાઈ રામસિંહગભાઈના ધ્યાને આવતા તેની સ્થિતિ સમજી જતા તુરંત જ આ યુવતીને રોકાવી પુછપરછ કરતા તેમના પરીવાર દ્વારા ઠપકો આપતા લાગી આવતા પોતે આત્મહત્યા કરવા જતી હોવાનું જણાવતા તોને માનસિક આશ્વાસન આપી પો.સ્ટેશન ખાતે લાવી વૃ.પો.કોન્સ. રવિનાબેન ભાણાભાઈ દ્વારા તોનું કાઉન્સોલીંગ કરી સમજાવી તેના પરીવારનો સંપર્ક કરી પરીવાર સાથે સુખદ સમાધાન કરાવી તેના પરીવાર સાથે તોના ઘરે મોકલી આપેલ છે.

# એસ.કે. લાંગાનાં જૂનાગઢમાં ૪ બંગલા, માતરમાં જમીન, અમદાવાદમાં ફલેટ અને બંગલો

## પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરીને અપ્રમાણસર મિલકત વસાવી



ગાંધીનગર, તા.૧૩ ગાંધીનગરઃ ગાંધીનગરના પૂર્વ કલેક્ટર અને આઈએએસ અધિકારી એસ.કે.લાંગાને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. એસ.કે. લાંગાની ભ્રષ્ટાચાર અને અપ્રમાણસર મિલકતના ગુનામાં બે મહિના બાદ મંગળવારે ધરપકડ કરાઈ હતી. લાંગા વિરુદ્ધ જમીન મહેસૂલના અટપટા કાયદા, નિયમો અને પેટા નિયમોથી ગૂંચવાયેલા જમીન માલિકો, ખેડૂતો અને અરજદારોને કાયદાની માયાજાળમાં ફસાવીને તેમની પાસે કરોડો રૂપિયાની કટકી કરવાની ફરિયાદ નોંધાયાના ૫૬ દિવસ બાદ આબુની હોટલમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે પોલીસે પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી હતી. પોલીસની જણાવ્યાનુસાર નિવૃત કલેક્ટરે પોતાના હોદ્દા દરમિયાન સત્તાનો દૂરઉપયોગ કર્યો હતો. જમીનના ખોટા એન.એ. હુકમ કરીને સરકારને આર્થિક નુકશાન પહોંચાડ્યું હતું. એસ.કે. લાંગા એ પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરીને અપ્રમાણસર મિલકત વસાવી હતી. હોદ્દા પરથી ઉતર્યા બાદ જૂની તારીખમાં સહી કરી હતી. પોલીસને ૧ લાખ થી વધુ દસ્તાવેજો પર તપાસ હાથ ધરી હતી. તેના કારણે સરકારને લગભગ ૨૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. મૂલસાના અને પેથાપુરની તપાસ બાદ હજુ ૨૦ કરોડનું નુકસાન સામે આવ્યું છે. આ ઉપરાંત લાંગા સામેના ૨૫ કેસની તપાસ કરવામાં આવશે. તેમની જોડે રહેલા વ્યવકતીઓ અને અધિકારીઓની પણ પૂછપરછ કરવામાં આવશે. લાંગાએ જૂનાગઢમાં ૪ બંગલા, માતરમાં જમીન, અમદાવાદમાં ફલેટ અને બંગલો વસાવ્યા છે. એટલું જ નહીં ખેડૂતો તરીકેનું પ્રમાણપત્ર પણ શંકાસ્પદ હોવાનું જણાઈ રહ્યું છે. ખોટા ખેડૂત બન્યા હોવાની પોલીસને શંકા છે. લાંગા સામે નોંધાયેલી પોલીસ ફરિયાદ મુજબ, તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન હોદ્દાનો દુરુપયોગ કરીને જે-તે વખતના તત્કાલીન ચીટનીશ તથા આર.એ.સી. તથા પોતાના મળતિયાઓના આર્થિક ફાયદા માટે પૂર્વ આયોજિત કાવતરું રચી જમીનના ખોટા હ્રછના હુકમો કર્યા હતા. બાદમાં સરકારમાં ભરવાની થતી પ્રીમિયમની રકમ પણ નહીં ભરીને સરકારને આર્થિક નુકસાન કરી બિનખેડૂતને ખેડૂત તરીકે દર્શાવ્યા હતા. તેમણે નવી શરતની જમીન જૂની શરતમાં દર્શાવી ખોટા પુરાવા ઊભા કરી ખોટા ડોક્યુમેન્ટ બનાવી એનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. તે ઉપરાંત તેમણે ભાગીદારીમાં રાઈસ મિલ ચલાવી ભ્રષ્ટાચાર કર્યા હોવાનો પણ ઉલ્લેખ કરાયો હતો. એસ.કે લાંગા દ્વારા ગાંધીનગરના કલેકટર તરીકે આચરવામાં આવેલી ગેરરીતિ પૈકી સૌથી મોટી ગેરરીતી ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુલસાણા ગામની અંદર આવેલી પાંજરાપોળની ૬૦ લાખ ચોરસ વાર જમીનની અંદર આચરવામાં આવી હોવાનું ખુલ્યું છે. આ જમીન પાંજરાપોળ માટે હતી ત્યારબાદ આ જમીન ગણોતિયાઓને આપવામાં આવી હતી અને બાદમાં આ જમીન શ્રી સરકાર કરવાની થતી હોવા છતાં નિયમો વિરુદ્ધ જઈ એસ.કે લાંગા તેની સાથેના ગાંધીનગરના આરએસી અને ચીટનીશ અધિકારીએ આ જમીન કેટલાક બિલ્ડર્સ અને ખાનગી ક્લબને પધરાવી દીધી હતી.

